|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ફેબ્રુઆરી ૨૦૧૧
રૂા. ૫/૦૦





અ.નિ. સ.ગુ. શ્રી પતિતપાવનદાસજી સ્વામીની પુણ્ય સ્મૃતિની કથા પારાયણમાં ઉપસ્થિત પરમવંદનીય મહંત સ્વામી આદિ વડીલ યુવાન સંતો તથા વિશાળ ભક્ત સમુદાય – ભુજ


























(૧-૨-૩) પ્રસાદી મંદિર (જુનુ મંદિર)માં શ્રી સર્વમંગલ નામાવલીના ૧૦૦૦ નામથી પૂજનનો લાભ લેતા સંતો તથા સાં.યો. બહેનો કર્મયોગી બહેનો, તથા મહાઆરતીનો લાભ લેતા ભક્તો - ભુજ. (૪) ૬ ધામના દર્શન માટે પગપાળા જતા સંતો તથા ભક્તોને વિદાય આપતા પાર્ષદ જાદવજી ભગત - ભુજ. (૫) શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં શાકોત્સવના દિવસે શાકનો વઘાર આપતા. પૂ. સંતો-માંડવી. (૬) રમત ગમતમાં વિજયી થયેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા સંતો તથા ભક્તો - શ્રીહરિ તપોવન ગુરૂકુળ - રામપર. (૭) શ્રી સ્વામિનારાયણ મંદિર આધોઈમાં શાકોત્સવનો લાભ આપતા સંતો. (૮-૯) કચ્છના પૂર્વ વિસ્તાર વાગડ વિસ્તારમાં પવિત્ર ધનુર્માસ દરમ્યાન ધૂનના કાર્યક્રમોમાં ભક્તો હેતથી જોડા હતા-રાપર. (૧૦) પ્રસાદી મંદિરમાં શિખરનું કામ જોશથી ચાલી રહ્યું છે. (૧૧) નિજમંદિરમાં અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગનું કાર્ય ચાલી રહ્યું છે - ભુજ. (૧૨) શ્રી નરનારાયણદેવ મેડિકલ કેમ્પ-૨૦૧૦નો સમગ્ર અહેવાલ રજુ કરતી પુસ્તિકાનું વિમોચન કરતા પ.પૂ. મહંત સ્વામી - ભુજ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવ સેવા પ્રભુ સેવા ।।

## ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

### લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**:: લવાજમ ::**

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**:: website ::**
www.bhujmandir.org.
**:: E-mail ::**
info@bhujmandir.org


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૨ - ફેબ્રુઆરી-૨૦૧૧
સળંગ અંક - ૩૦૩

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકરવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

"કર્તવ્યા દ્વારિકામુખ્યતીર્થયાત્રા યથાવિધિ : ।"

ભગવાન સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં ૮૩ મા શ્લોકના પૂર્વાર્ધમાં દ્વારિકા આદિ મુખ્ય તીર્થોની યાત્રા વિધિપૂર્વક અર્થાત્ શાસ્ત્રસંમત વિધિ પ્રમાણે કરવાની આજ્ઞા પોતાના અનુયાયીઓને કરી છે.

ભવસાગર તરવાને હરિભક્તને સ્થિર અને દ્ઢ રાખવાનાં સાધનોમાં એક સાધન તીર્થયાત્રા છે. જ્યાં જવાથી અને દર્શન કરવાથી દોષમુક્ત થઈ તરી જવાય છે તે તીર્થસ્થાન ગણાય છે. પર્વતો, નદીઓ વગેરે જળાશયો, વૃક્ષો, મંદિરો, એ બધાં સ્થાવર તીર્થ છે. પરમ સિધ્ધ પુરુષો, સંતો, એકાંતિક હરિભક્તો એ આદિ જંગમ તીર્થ છે. જંગમતીર્થના દર્શને જવાથી સ્થાવર તીર્થના દર્શનનો લાભ પણ મળે છે.

ભગવાનનો સંબંધ પામેલાં સ્થળો વિશિષ્ટરૂપે તીર્થસ્થાનનું મહાત્મ્ય પામે છે. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદ, ભુજ, વડતાલ, જૂનાગઢ, ધોલેરા, ગઢડા આ સ્થળે મંદિરોમાં પોતે સ્વહસ્તે દેવોને પધરાવ્યા હોઈ એ ધામોની તીર્થયાત્રા ૬ ધામ યાત્રા તરીકે વિશિષ્ટતા ધરાવે છે. વળી, આ ધામો અનુક્રમે સાબરમતી, હમીરસર, ગોમતી સરોવર, દામોદર કુંડ તથા નારાયણ ધરો, દરિયો અને ઘેલા નદી આદિ જળાશયોને કિનારે હોઈ તીર્થસ્થાન માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

હિન્દુસ્થાનનાં તીર્થસ્થાનો પ્રાચીન ધર્મ-ભક્તિ પ્રધાન સંસ્કૃતિનો વારસો છે. દેશભરમાં ચારે છેડે તીર્થસ્થાનોની ધજાઓ ફરકી રહી છે. પહાડી ઈલાકામાં હિમાલયમાં આવેલાં બદ્રીનાથ, કેદારનાથ, યમુનોત્રી અને ગંગોત્રી તીર્થસ્થાનો હિમાલયના ચારધામ અને મેદાની ઈલાકામાં દેશને ચારે છેડે આવેલાં દ્વારિકા, જગન્નાથપુરી, બદ્રીનાથ અને રામેશ્વર પણ ચારધામ તરીકે પ્રાચીનકાળથી ધર્મપ્રેમી જનતામાં પ્રખ્યાતિને વરેલાં છે. ઉપરાંત અયોધ્યા, મથુરા, વૃંદાવન, શ્રીરંગ, કુરુક્ષેત્ર, દ્વાદશ જ્યોતિર્લિંગ, ગંગા, સરયુ આ નદીઓ, ગિરનાર, તિરૂપતિ, નારાયણ સરોવર, બિન્દુ સરોવર, પંપા સરોવર, માન સરોવર, કૈલાસ તથા અન્ય નાના-મોટાં તીર્થસ્થાનો જાણીતાં છે.

અગાઉ વાહનવ્યવહારનાં સાધનોની તેમજ રસ્તાઓની પણ સગવડ નહતી ત્યારે ભાવિકજનો પગે ચાલીને રસોઈ માટે જરૂર પુરતાં વાસણો વગેરે લઈને વિકટ વન પ્રદેશમાં થઈને તીર્થયાત્રા કરતા હતા.

નીલકંઠ પ્રભુએ ૧૧ વર્ષની વયે ગૃહત્યાગ કરી અયોધ્યાથી લોજ, ૧૯ વર્ષની વયે પહોંચ્યા. ત્યાં સુધીની પદયાત્રામાં તીર્થસ્થળો સહિત ૧૬૫ સ્થળોને ચરણરજથી પાવન કર્યાં છે. ઉપરાંત દિવ્ય વિચરણ કરી કચ્છમાં ધમડકાથી દહીંસરા સુધીમાં ૭ સ્થળો તેમજ સૌરાષ્ટ્રમાં ટીકરથી મૂળી સુધીમાં ૮ સ્થળોને પાવન કર્યાં છે.

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના દેશમાં આવેલા મંદિરોની, ચારધામની યાત્રા સહિત વિગતવાર માહિતી જિજ્ઞાસુ હરિભક્તો પુ. સ્વામી મહાપુરુષદાસજીએ વિસ્તારથી લખેલ "સવિસ્તૃતવર્ણન-ચારધામ યાત્રા" પુસ્તકમાંથી મેળવી શકે.

હાલમાં વાહનવ્યવહારનાં સાધનો અને ધોરીમાર્ગોને લીધે યાત્રા સરળ, સગવડભરી અને ઝડપી બની ગઈ છે. તેમાં અર્ચાસ્વરૂપ પ્રભુનાં દર્શન કરવાનું જ લક્ષ્ય થઈ ગયું છે. હિમાલયનાં તીર્થધામોમાં પદયાત્રા વગર ખરેખરો આનંદ લૂંટવા મળતો નથી.

વાહનવ્યવહાર અને સગવડો સાથે તીર્થયાત્રા સ્થળોમાં વ્યસનો સહિતના બીજા દોષોએ પ્રવેશ કર્યો છે. ભોળા ભક્તોએ યાત્રામાં સાવચેત રહેવું જરૂરી બન્યું છે.

શ્રાધ્ધ જેવી વિધિ માટેનાં તીર્થસ્થળોએ ઠગલૂંટથી મુક્ત રહેવા પોતાના ગોર કે પંડિતને સાથે રાખવા તથા તે સિવાય પણ તીર્થસ્થાનોમાં બગઠગથી સાવધ રહેવું હિતાવહ છે.

નીલકંઠવર્ણીના યાત્રા પ્રવાસમાં અદ્ભૂત લીલા પ્રસંગો તથા બગઠગ એવા વેશધારી ત્યાગીઓને ખુલ્લા પાડ્યાના અને નેસ્તનાબૂદ કર્યાના પ્રસંગો જાણીતા છે. ઈતિ. જય શ્રીસ્વામિનારાયણ.

# સમાગમે સંત

- ધરમશીભાઈ દેવશી ભગત (રવાપર હાલે ત્રિવેન્દ્રમ્)

## મગ્નીરામમાંથી અદ્વૈતાનંદ

દ્રવિડ દેશનો બ્રાહ્મણ મગ્નીરામ તીર્થાટન કરતો બંગાળમાં ગયો. ત્યાં સાંભળ્યું કે શારદાદેવીને વશ કરી હોય તો ધાર્યા કામ થાય ને પ્રભુને ભેટાડે. કોઈ ગામે એક બ્રાહ્મણે શરદા વશ કરી છે તેવું સાંભળી મગ્નીરામ ત્યાં ગયા. આ બ્રાહ્મણ પણ દ્રવિડ દેશનો જ હતો. તેની દીકરી સોળ વર્ષની થયેલી. જમાઈની શોધ ચાલુ હતી. તેવામાં આ મગ્નીરામ આવ્યો. બ્રાહ્મણે કહ્યું શારદા વશ કરવાનો મંત્ર ભણાવું પણ મારી દીકરીને પરણો. તમે મારી જ્ઞાતિના જ છો. ત્યારે મગ્નીરામે કહ્યું મારે લગ્ન કરવાનો કોઈ વિચાર મનમાં નથી. અને ગુરુપુત્રી તો બહેન ગણાય. માટે તે નહિ બને. ત્યાંથી નીકળી તે જગન્નાથપુરી ગયો. થોડી ઘણી સિધ્ધિ મેળવી કે પ્રભુ મેળવવાની વાત ભૂલાઈ ગઈ. હજારો બાવાની જમાત ભેગી કરી. હાથી-ઘોડાને હથિયારો ધારણ કરી એક ગામથી બીજે ગામ ધાક-ધમકી દઈ દંડ કેતાં પૈસા વસુલ કરતો. હમ-દટન સો પટન કર દેગા-આસમાન સે આગ બરસાયેગા. પથ્થર કી બારી હોગી વગેરે ધમકીભર્યા શબ્દો વાપરી લોકોને ડરાવતો પોરબંદર આવી પહોંચ્યો.

અહીં ગોસાઈ મઠધારીનો વૈભવ મારકુટ કરી મોટો દંડ વસુલ કર્યો. ગોસાઈ બોલ્યો દેડકાં શું ડાંભો છો તમને માથાનો ફરેલ કોઈ મળ્યો નથી. જઈ જીવનમુક્ત સ્વામી નારાયણને જીતી દેખાડ તો ખરો જાણું. માંગરોલમાં આવી રાજા પાસે પાંચ હજાર માંગ્યા. રાજાએ કહ્યું. પાંચ નહીં દશ હજાર આપું. આ સ્વામિનારાયણને જીતી બતાવ. શ્રીહરિની આગે આવી બોલ્યો તમે તમારી જે સિધાઈ હોય તે દેખાડો નહીં તો હું મારી સિધાઈ દેખાડું છું. હું મારણ તથા વશીકરણ મંત્ર જાણું છું. હું આગમાં બેસી શકું છું. હું પાણી ઉપર ચાલી શકું છું. હું સંમોહન વિદ્યા જાણું છું. તમે શું જાણો છો ? શ્રીહરિએ કહ્યું અમે કોઈ સિધાઈ દેખાડતા નથી. સરળ ઉપદેશ આપીએ છીએ. અમારી પાસે કોઈ પૈસા પણ નથી. કહો તો એક ટાણું જમાડીએ. તે ન લેવું હોય તો અમારા ઈષ્ટદેવ મહાસમર્થ છે તું તેનું કંઈપણ બગાડી નહીં શકે જા તારાથી થાય તે કરી લે. આ સાંભળી મગ્નીરામ ગુસ્સે ભરાયો. પોતાના ઉતારે જઈ રાતે દેવીની આરાધના કરી. શારદાદેવીએ દર્શન દઈ કહ્યું કે મગ્નીરામ તારો દિ ફર્યો છે. તું શા માટે બ્રહ્મચારી થયો ? પ્રભુ મેળવવાની વાત ક્યાં ગઈ ? ધાક-ધમકી દઈ કેટલાને લૂંટ્યા છે ? તારા પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે. હજુપણ કહું છું ચેતી જા ને સદ્‌રસ્તે આવી જા. તું જેનો પરાભવ કરવા ઈચ્છે છે તે જ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. કલ્યાણ ઈચ્છતો હો તો તેનું શરણ લે. તે કહે તેમ કર. રાત આખી ઊંઘ ન આવી. જેવી સવાર પડી ને શ્રીજીને મળવા પહોંચી ગયો. ત્યાં સદાવ્રતના એઠાં વાસણ માંજવા લાગ્યો. શ્રીહરિને કહે તમારો શિષ્ય બનાવો ને તમ સંગ રાખો. શ્રીજી કહે આજ સુધી તેં ઘણું અભિમાન કર્યું છે પહેલાં નિરાભિમાની થા. તારી જટા મુંડાવ ને તે વાળ ઉપાડી સભાને પાંચ પ્રદક્ષિણા કર. મગ્નીરામે જેમ કહ્યું તેમ બધું કરી બતાવ્યું. શ્રીહરિએ પોતાના સંતોની રીતભાત સમજાવી આ રીતે રહેવું ને આમ વર્તવું બધું કબૂલ કરતાં પછી સાધુ દીક્ષા દીધી ને નામ રાખ્યું અદ્વૈતાનંદ સ્વામી. આ ચલચિત્રની કહાની નથી. ચલચરિત્રની ગાથા છે. હકીકતે ભૂમિ પર રચાઈ ગયેલ આ ગાથા છે. વાંચનારના મન ઉપર આનો સકારાત્મક પ્રભાવ પડ્યા વિના નહિ રહે. સત્સંગનો ફેલાવો આવા ચરિત્ર કથાનકથી જરૂર થશે.

# કાનના રોગો

આપણે આ અગાઉ આંખના રોગો વિશે જાણ્યા પછી શરીરનું બીજું મહત્ત્વનું અંગ કાન (કર્ણ) છે. તેમાં જ્યારે ચસકાની વેદના શરૂ થાય છે ત્યારે દરદી ઘણો જ પરેશાન થાય છે. કાનની અંદર ખરજવું, ગુમડાં, ચાંદી, મસા આ બધા દરદો ત્રાસદાયક હોય છે. તેના વિશે હવે વિગતવાર જોઈએ.

<u>કારણ, પ્રકાર અને લક્ષણ :-</u> (૧) કાનમાં મેલ ભરાઈ જવાથી અથવા શરદી થવાથી ધાક પડે છે અને ઘણીવાર મેલ સુકાઈ જવાથી અવાજ જવાનો માર્ગ સુકાઈ જાય છે. આ રોગ કર્ણશ્વેદ નામે આળખાય છે. (૨) શ્વાસમાર્ગે ધૂળના રજકણો અથવા મોં દ્વારા રજકણો ગયા હોય તો ગળામાં સોજો થઈ કાનની મધ્યમાં આવેલો પટલ (કર્ણનલિકા) ને ચેપ લાગવાથી કાન પાકે છે. વળી કાન ખોતરવાથી, કંઈ વાગવાથી પાણી અને પસ નીકળે છે. કાનમાં પવન ભરાવાથી, બહારની ઠંડી હવા લાગવાથી અંદર ફરતું લોહી થીજી જઈ સોજો આવે છે. આથી સણકા મારે છે. છેવટે પાકીને પસ થાય છે. (૩) કાકડા ફૂલવા, ગળાનો સોજો, શરદી, શારીરિક નબળાઈ, સંધિવા વગેરે કારણોથી પણ કાન પાકે છે. (૪) દાંતમાં પાયોરિયા હોય તો ચેપ પણ ગળા વાટે કાનને લાગી શકે છે. માટે દાંત સાફ રાખવા.

<u>ઉપચાર :-</u> (૧) વાતજન્ય કાનના રોગ, ડોક રહી જવી, હડપચી જલાઈ જવી, બહેરાશ તેમજ સાંભળવા માટે કોઈને મોટેથી બોલવું ન પડે આ બધું ન થાય તે માટે કાનમાં તેલ નાખવું ફાયદાકારક છે (ચ. સં.સૂ. સ્થા. અ-૬-૭૮) (૨) કાનમાં દુઃખાવો તથા ચસકા મારતા હોય ત્યારે આકડાના પાનને તેલ લગાવી પાનને સાધારણ ગરમ કરી હાથે મસળી બે ટીપાં નાખવા. ગ્લીસરીન અથવા ચોખ્ખા મધના ટીપાં પણ નાખી શકાય. (૩) ધાન પાક્યો હોય, અંદર પસ ભરાયું હોય તો સ્વચ્છ રૂ થી લૂછી નાખવું અને ધતૂરાના પાનનો રસ, સરસીયું અથવા કોપરેલ સરખે ભાગે લઈ થોડું ગરમ કરી ગાળીને બે ટીપાં નાખવા. (૪) કાનની બહેરાશ, ધાક અથવા અન્ય દુઃખાવા માટે સારી ફાર્મસીનું 'ક્ષાર તેલ' લાવી બે થી ત્રણ ટીપાં નાખવા આ તેલથી પસ, દુઃખાવા વગેરેમાં લાભ થાય છે.

જ્યાં સુધી કાનનો કોઈપણ રોગ હોય ત્યારે ખોરાકમાં દૂધ, દહીં, ઘી, ગળપણ ન લેવું. પેટ સાફ રહે તે માટે હરડે અથવા ત્રિફળા ચૂર્ણ ૧ થી ૧॥ ચમચી રાતે લેવું.

<u>અગત્યની સૂચના :</u> (૧) કાનના બારિક પડદાને જરાપણ નુકશાની ન થાય તે માટે કાનમાં કદી દીવાસળી કે સળી ઘાલવી નહીં. જો આમ થશે તો બારીક પડદો તૂટવાથી કાન કાયમ માટે બહેરો થઈ જશે. (૨) કાનમાં મસો, કાનની બૂટ કે પટીના કેટલાક રોગોમાં કુશળ ડોકટરની સલાહ લેવી જરૂરી છે. (૩) મુસાફરી દરમ્યાન કોઈપણ વાહનમાં બેસતી વખતે બારીમાંથી આવતા ઠંડા પવનોથી બચવા કાનમાં કપાસ ભરાવી દેવું. શિયાળાની ઋતુમાં કાનનું ખાસ રક્ષણ કરવું . (૪) આજકાલ ઈયરફોન વડે ગીત અથવા ફિલ્મી ધૂન લાંબો વખત સાંભળવાની ટેવ વધતી જાય છે. જેથી કાનનો બારિક પડદો સતત ધ્રુજતો રહેવાથી બહેરાશ આવી શકે છે. બહુ મોટા સતત આવતા અવાજો પણ લાંબેગાળે નુકશાન કરે છે. માટે આ બધા ઈલેટ્રીક ઉપકરણોથી સાવધાન રહેવું. (આવતા અંકે - નાકના રોગો)

- મહેન્દ્ર બી. દવે (માંડવી)
મોબા. ૯૮૭૯૬૩૧૨૭૬

# વચનામૃતનાં અમૃતબિંદુ

- જનકભાઈ એમ. ભટ્ટ
- ભરતભાઈ પી. મહેતા

## *બિંદુ-૧૪* *સ્થિતપ્રજ્ઞ મનુષ્યના લક્ષણો*

શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩ મા વચનામૃતમાં 'સ્થિતપ્રજ્ઞ કોણ કહેવાય ? તે વિના શિવ જેવાને પણ વિઘ્નો થાય' તે વિષે જણાવેલ છે.

સમુદ્રમંથન સમયે અમૃતકુંભ દાનવોના ફાળે આવતાં દેવો ચિંતિત થયા. અમૃતપાન કરી અસુરો અમર થઈ જશે તો ? દેવોએ શ્રીહરિને વિનવ્યા અને ભગવાને મોહિનીસ્વરૂપ ધારણ કર્યું. અપ્સરાઓથી ચડિયાતું રૂપ જોઈ દાનવો શુધ્ધબુધ્ધ ખોઈ બેઠા અને મોહાંધ થઈ દાનવોએ અમૃતકુંભ સુંદરીને આપી દીધો. ભગવાને એ અમૃત દેવોને પાઈ દીધું. નારદજીએ કૈલાશ પહોંચી સમગ્ર વૃત્તાંત શિવજીને જણાવી મોહિની સ્વરૂપની ભરપૂર પ્રશંસા કરી અને ભગવાનના મોહિની સ્વરૂપનાં દર્શનથી આપ વંચિત રહી ગયા તેવું જણાવ્યું. નારદની વાતથી ભગવાન શંકરને શ્રીહરિનાં મોહિની સ્વરૂપનાં દર્શનની તાલાવેલી લાગી. નારદને લઈને તેઓ ક્ષીરસાગર પહોંચ્યા. શ્રીહરિને મોહિની સ્વરૂપે દર્શન આપવા વિનંતી કરી. શ્રીહરિએ જવાબ આપ્યો કે આપ તો મહાયોગી છો આપને આવાં દર્શન કરવાનો મોહ કેમ ઉત્પન્ન થયો ? આવી આતુરતા આપને ન શોભે. પરંતુ શિવજીએ તો દર્શન કરવાની વાત ચાલુ રાખી તેથી શ્રીહરિએ કહ્યું અત્યારે આપ જાઓ. સમય આવશે ત્યારે હું જરૂર આપને મોહિની સ્વરૂપના દર્શન કરાવીશ. શિવજી તો કૈલાશ ભણી રવાના થયા. માર્ગમાં એક સુંદર વાટિકામાં વિચરતી નવયૌવના તરફ તેમનું ધ્યાન ગયું. તેની નીકટ જતાં રૂપરૂપનાં અંબાર સમી લાવણ્યમયી લલના તરફ તેમને આકર્ષણ થયું અને જેવા તેનો સ્પર્શ કરવા ગયા ત્યાં તો શ્રીહરિ તેનાં મૂળ સ્વરૂપમાં આવી ગયા. શિવજીએ ક્ષોભ અનુભવ્યો પરંતુ મોહિની સ્વરૂપનાં દર્શન કરવાથી ચિત્તમાં પ્રસન્નતા વ્યાપી ગઈ.

સૂર્ય સમાન તેજ નથી. ભાગવત સમાન કોઈ સત્શાસ્ત્ર નથી. ગંગા જેવી કોઈ પવિત્ર નદી નથી અને શંકર સમાન કોઈ યોગી નથી. પરંતુ સ્થિતપ્રજ્ઞતાના અભાવે તેમને પણ વિઘ્ન આવ્યું. જો શિવજીની આ સ્થિતિ થઈ તો સામાન્ય માનવીની શી વિસાત ? આજના ટી.વી. કલ્ચરના યુગમાં ટી.વી. પર દર્શાવાતા અર્ધનગ્ન નારીઓનાં નૃત્યો, લલનાઓના લટકા, ચિત્તભ્રમ કરી દે તેવા ચેનચાળા, નીતિભ્રષ્ટ કરી દે તેવા નખરા અને જુગુપ્સાજનક કાર્યક્રમો યુવાધનને અધોગતિની ગર્તામાં ધકેલી રહ્યા છે ત્યારે સૌએ સાવધાન અને જાગૃત થઈ પોતાનાં સંતાનોને પતનના માર્ગે જતા રોકવાના છે. સત્શાસ્ત્રોનો અભ્યાસ અને સંતો સાથે સત્સંગ સમાગમ કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. જેથી સદ્ચારિત્ર્યથી ચલિત ન થવાય અને આધ્યાત્મિક ઉન્નતિ થાય.

મનુષ્ય કામનાઓને વશ થઈ પાર્થિવ સુખની ભુલભુલામણીમાં અટવાયેલો હોય છે તેથી તે ભૌતિક જીવનના ભભકભર્યા પરિવેશમાં સુખ-દુઃખ, આનંદ-ઉલ્લાસ, ઈર્ષા-ગ્લાનિ, લોભ-મોહ-માયા, ક્લેશ-સંતાપ અનુભવતો હોય છે. જ્યારે મનુષ્ય મનમાં રહેલી કામનાઓને ત્યજીને સંતોષની અનુભૂતિ કરે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ અવસ્થાની ગુણપ્રાપ્તિ તરફ પ્રયાણ કરે છે. સમય જતાં ધીરે-ધીરે આવી સ્થિર બુધ્ધિ ધરાવતા મનુષ્યને જીવનમાં દુઃખો આવે તો તેના મનમાં જરા પણ ઉદ્વેગ થતો નથી તેમજ સુખની પ્રાપ્તિ થાય તો તેના મનમાં કોઈપણ પ્રકારની સ્પૃહા પણ થતી હોતી નથી. આવા મનનશીલ મનુષ્યને કોઈપણ પ્રકારનો રાગ, ભય, ક્રોધ હોતો નથી. આવી

રીતે આસક્તિ રહિત થયેલા મનુષ્યના જીવનમાં શુભ થાય તો પ્રસન્નતા અનુભવતો નથી તેમજ અશુભ થાય તો ગ્લાનિ અનુભવતો નથી. કારણકે તેની બુધ્ધિ સ્થિર થયેલી છે. એક ઉદાહરણ લઈએ તો કાચબો જ્યારે ધારે ત્યારે તમામ અંગોને સમેટી લેવાની ક્ષમતા ધરાવે છે. આમ તેના વિષયો નિવૃત્ત થઈ જાય છે. પરંતુ આટલું પર્યાપ્ત નથી. વિષય-નિવૃત્તિની સાથે રસ-નિવૃત્તિ પણ થવી જોઈએ. રસનિવૃત્તિ તો જ થાય જો આત્મા પરમાત્માને ઓળખવા તેમાં તલ્લીન થઈ જાય. પરમાત્માના સંકેતોની અનુભૂતિ કરી શકે. પરમાત્મા આપણી તદ્‌ન નજીક છે તેનાં સંવેદનો સમજી શકે તો રસનિવૃત્તિ સહજ છે. શ્રીજી મહારાજના જણાવ્યા મુજબ આવા ભક્તોએ કે જેની બુધ્ધિ સ્થિર થયેલી છે તેણે તમામ ઈન્દ્રિયોને વશમાં કરી પરમાત્મામાં તલ્લીન થઈ જવું.

વિષયનિવૃત્તિ અને રસનિવૃત્તિ લઈ ઈન્દ્રિયોને વશમાં કરવું સરળ નથી. કારણકે કોઈપણ મનુષ્ય જો વિષયોનું સતત ચિંતન કર્યા કરે તો સમય જતાં તે વિષયોમાં તેની આસક્તિ જન્મે છે. આસક્તિ જન્મતાં કામના ઉત્પન્ન થાય છે. કામના પૂર્ણ કરવા જતાં વિઘ્ન આવે તો ક્રોધ પેદા થાય છે. ક્રોધથી મોહ-મૂઢતા આવે છે. મોહને લઈને માનવી સ્મૃતિ ભ્રષ્ટ થઈ જાય છે અને જ્યારે સ્મૃતિ ભ્રષ્ટ થાય ત્યારે વિવેકનો અને બુધ્ધિનો નાશ થાય છે. વિવેક અને બુધ્ધિ નષ્ટ થતાં તેનું પતન નિશ્ચિત થઈ જાય છે. આવા મનુષ્યે પોતાના મન અને ઈન્દ્રિયો જીતેલાં હોતા નથી, તેની બુધ્ધિ નિશ્ચયવાળી, નિશ્ચયાત્મિકા હોતી નથી. નિશ્ચયાત્મિકા બુધ્ધિ ન હોવાને કારણે તેને અયુક્ત કહેવામાં આવે છે. અયુક્ત માનવમાં ક્યારેય પણ નિષ્કામભાવ હોતો જ નથી તેમજ તેનામાં કર્તવ્ય પરાયણપણું પણ હોતું નથી. તેનાં જીવનમાં શાંતિ પણ હોતી નથી. શાંતિ વિનાના માનવીને સુખ ક્યાંથી મળે ? આવા માનવની ઈન્દ્રિયો વિષયોમાં વિચરતી જોવા મળે છે તેથી પાણીમાં નૌકાને જેમ વાયુ હરી લે છે તેમ અયુક્ત માનવીની બુધ્ધિનું હરણ થઈ જાય છે.

જે મનુષ્યનું અંતઃકરણ પોતાના વશમાં છે તે સ્વાધીન મનુષ્ય તરીકે ઓળખાય છે. આવા મનુષ્યે પોતાની ઈન્દ્રિયોને રાગ દ્વેષ રહિત કરેલી હોય છે અને ઈન્દ્રિયો તેના વશમાં હોય છે. વશમાં કરેલી ઈન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરતો રહે તો પણ અંતઃકરણની નિર્મળતાને પામે છે. અંતઃકરણ નિર્મળ થતાં દુઃખો-સંતાપો નાશ પામે છે. આવા શુધ્ધ ચિત્તવાળા માનવની બુધ્ધિ તત્કાળ પરમાત્મામાં તલ્લીન અને સ્થિર થઈ જાય છે. ઘણીવાર એ પ્રશ્ન થાય કે શું આવી વ્યક્તિ સંસારના પદાર્થોના સંપર્કમાં આવતી જ નહીં હોય ? જો ન આવતી હોય તો જીવનનિર્વાહ કઈ રીતે ચાલે ? અને જો સંપર્કમાં આવતી હોય તો તેમની સ્થિતિ કેવી ?

આવી સ્થિતિનું વર્ણન કરતાં જણાવાયું છે કે જે પ્રમાણે બધી નદીઓનાં પાણી, બધી બાજુથી જળ દ્વારા ભરપૂર અચળ પ્રતિષ્ઠા ધરાવતા સમુદ્રમાં તેને વિચલિત કરતા નથી પણ આવીને તેમાં સમાઈ જાય છે. તે પ્રમાણે સર્વ પ્રકારના ભોગો-પદાર્થો સ્થિતપ્રજ્ઞ પુરુષમાં કોઈપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કરતા નથી, પણ તેમાં સમાઈ જાય છે. તે પુરુષ પરમ શાંતિને પામે છે. આવા મનુષ્ય કામના, સ્પૃહા, મમતા, અહંતા રહિત સ્થિતિમાં હોય છે, જે બ્રાહ્મી સ્થિતિ કહેવાય છે. અર્થાત્ બ્રહ્મને પ્રાપ્ત થયેલા મનુષ્યની સ્થિતિ. આવી સ્થિતિમાં અંતકાળે પણ શાન્ત બનીને બ્રહ્મની પ્રાપ્તિ થઈ જાય છે.

સંક્ષેપમાં સ્થિતપ્રજ્ઞ મનુષ્ય સઘળી કામનાઓને છોડી દઈ, સ્પૃહા વિનાનો, મમતા વિનાનો, અહંકાર વિનાનો થઈ બ્રાહ્મી સ્થિતિમાં વિચરતો હોય છે અને તે જ શાંતિ અને બ્રહ્મની પ્રાપ્તિ કરી શકે છે.

## :: શતાબ્દિ પાટોત્સવ ::

શ્રી રાધાકૃષ્ણદેવનો શતાબ્દિ મહોત્સવ ધામધૂમથી ભુજ મધ્યે ઉજવવામાં આવશે. આ શતવાર્ષિક પાટોત્સવ અંતર્ગત સાત દિવસીય કથાનો પ્રારંભ સંવત ૨૦૬૭, ચૈત્ર સુદ ૧૫, સોમવાર, તા. ૧૮-૪-૨૦૧૧ થી થશે અને કથા સમાપ્તિ સંવત ૨૦૬૭, ચૈત્ર વદ ૭, રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧ ના થશે. આ મહોત્સવ દેશ-વિદેશના સર્વે હરિભક્તોએ સાથે મળીને હર્ષોલ્લાસથી ઉજવવાનો છે. વિદેશમાં વસતા હરિભક્તો ઉત્સવમાં પધારવાની વ્યવસ્થા સુગમતાથી કરી શકે તે હેતુથી અત્યારથી જ આમંત્રણ પાઠવી દેવામાં આવે છે. સો વર્ષના ઉત્સવનો આનંદ સૌ સાથે મળીને માણીએ અને શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે યથાશક્તિ તન-મન-ધનથી લગનપૂર્વક સેવા કરી પુણ્યનું ભાથું બાંધી ભવસાગર પાર કરીએ. આવા અણમોલ અવસરે સપરિવાર પધારવા સર્વે હરિભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.
લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ

# સંતનો રાજીપો

- ધવલ વ્યાસ (શીસલ્સ)

સંતકૃપાએ સુખ ઉપજે, સંતકૃપાએ સરે કામ
સંતકૃપાએ પામીએ, પૂર્ણ પુરુષોત્તમ ધામ.

ભક્તો જય શ્રી સ્વામિનારાયણ. જો સાચા સંતનો રાજીપો મેળવ્યો હોય તો આપણો બેડો પાર થઈ જાય. જગરૂપ બારોટને સંતમાં અડગ નિષ્ઠા હતી. એવી પાકી નિષ્ઠા હતી કે ગમે તેમ થાય પણ ક્યારેય નિષ્ઠા ડગે નહીં. ને તે પાછા મુક્તાનંદ સ્વામીના હેતવાળા હતા. તે જ્યારે પણ મુક્તાનંદ સ્વામીને મળતા ત્યારે કહેતા કે સ્વામી અમારે ગામ પધારો. ત્યારે સ્વામી કહેતા કે જ્યારે હરિઈચ્છા થાશે ત્યારે પધારશું. વડતાલમાં જ્યારે આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ત્યાં લાખો ભક્તોની મેદની જમા થઈ. ત્યાં એક બ્રહ્મચારી હતા. તેને મુક્તાનંદ સ્વામી ઉપર કુહેત હતું અને તે મોકો શોધતા હતા કે બધાની વચ્ચે સ્વામીનું સારું ન દેખાય. એક વાળંદ મુક્તાનંદ સ્વામીનું વતું કરવા માટે જતો હતો. તે વાળંદને બ્રહ્મચારીએ વચ્ચે ઊભો રાખીને કહ્યું કે તું જે સ્વામીના વાળ કાપવા જાય છે તે સ્વામી બહુ સમર્થ સંત છે માટે તું તે સ્વામીને જાણ ન થાય તે રીતે સ્વામીના વાળ અને નખ પ્રસાદીના માનીને રાખી લે જે અને કાલે સભામાં આવજે. વાળંદે બ્રહ્મચારીના કહ્યા પ્રમાણે કર્યું અને મુક્તાનંદ સ્વામીની જાણ બહાર તેમના વાળ રાખી લીધા. બીજા દિવસે લાખો હરિભક્તોની સભા ભરાઈ હતી અને આચાર્ય મહારાજશ્રી પણ પધાર્યા હતા. તે વખતે બધાની વચ્ચે પેલા બ્રહ્મચારીએ ઊભા થઈ ને કહ્યું કે, હજુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વધામ પધાર્યા તેને ઘણો સમય પણ નથી થયો અને મુક્તાનંદ સ્વામી જેવા પોતાના વાળ પ્રસાદી તરીકે આપે છે. એમ કહીને તેણે વાળંદને બોલાવ્યો. વાળંદે સભાની વચ્ચે કહ્યું કે હા વાત સાચી છે. મુક્તાનંદ સ્વામીએ મને વાળ આપ્યાં છે. આ વાત સાંભળીને આખી સભા સ્તબ્ધ થઈ ગઈ પણ મુક્તાનંદ સ્વામી શાંત રહ્યા. પણ જે જગરૂપ બારોટ કે જેને અડગ નિષ્ઠા હતી તેણે તે વાળંદને બરાબરનો પકડ્યો ને સાચી હકીકત જણાવવાનું કહ્યું. જ્યારે વાળંદે હકીકત જણાવી ત્યારે બધા બ્રહ્મચારી ઉપર ફિટકાર વરસાવવા લાગ્યા.

મુક્તાનંદ સ્વામી જગરૂપ બારોટ ઉપર ખૂબ જ રાજી થયા અને કહ્યું કે તમે ઘણા દિવસથી તમારે ઘેર ચાલવાનું કહો છો તો ચાલો. ત્યારે જગરૂપ બારોટ

તો ખૂબ જ ખુશ થયા. સ્વામી તેમના મંડળ સાથે તેમના ઘરે પધાર્યા. ત્યારે જગરૂપ બારોટે પૂછ્યું કે તમે શું જમશો ? ત્યારે સ્વામીએ કહ્યું કે આજે તો તમને અનુકૂળ હોય તે જમાડો. ત્યારે જગરૂપ બારોટે કહ્યું કે ખીર અને પુરી જમાડું. બધા સ્વામી ધ્યાનમાં બેઠા અને થોડીવાર પછી જગરૂપ બારોટ બહારથી રોતા-રોતા આવ્યા ત્યારે સ્વામીએ તેનું કારણ પૂછ્યું તો જગરૂપ બારોટે કહ્યું કે મારો એકનો એક યુવાન દીકરો મૃત્યુ પામ્યો છે. ત્યારે સ્વામીએ કહ્યું કે ચાલો ક્યાં છે ? ત્યારે બધા ત્યાં આવ્યા. ત્યારે સ્વામીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને છોકરા ઉપર પાણી છાંટ્યું. તે છોકરો બેઠો થયો. છોકરાએ કહ્યું કે હું તો અક્ષરધામમાં ગયો હતો ને ત્યાં આ બધા સંતો ભગવાનની આરતી ઉતારતા હતા. છોકરો સજીવન થતાં બધાને ખૂબ જ આનંદ થયો.

તો જોયું ભક્તો ! જગરૂપ બારોટે સંતનો રાજીપો મેળવ્યો તો મૃત છોકરો સજીવન થયો. માટે કાયમ સંતોનો સમાગમ કરી તેમને પ્રસન્ન રાખવા. આ તો લૌકિક કામ થયું પણ ભગવાનના દર્શન પણ પ્રસન્ન થયેલા સંત કરાવશે. જય શ્રી સ્વામિનારાયણ.

# સાચી સમજણ

- વસંત કરસન પોકાર
(ઘડાની હાલે ભાલેજ)

જે પુરુતોને સુખ દુઃખાદિ દ્વંદ્વ પીડા કરી શકતા નથી એવા ધીર પુરુષો મોક્ષને પામે છે. એવા જ પુરુષને પરમાત્મા સાથે મેળાપ અને સાક્ષાત્કારની પ્રાપ્તિ થાય છે.

એક ખેડૂત હતો. તે તેની ઉપર જ પોતાના બાળબચ્ચાનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તેણે પોતાના ખળામાં ઘઉંના બાંધેલા કણસલા મસળવાને માટે પાથરી દીધા અને તેના ઉપર આખો દિવસ બળદ લાવીને ફેરવ્યા. જ્યારે ઘઉં કણસલામાંથી છૂટા પડી ગયા અને ભૂસું અલગ થયું ત્યારે તેને ઉપાડીને દાણ અને ભૂસાના જુદા-જુદા ઢગલા કર્યા અને રાતે ત્યાં જ સૂઈ ગયો.

ઊંઘમાં તેને સ્વપ્નું આવ્યું અને જાણે પોતે રાજા થઈ ગયો છે અને પોતાને સાત રાજકુમારો પણ થઈ ગયા છે. ધન વૈભવથી મહેલ ભર્યો પૂર્યો છે. આ બધો ઠાઠમાઠ જોઈને તે મનમાં ને મનમાં જ મલકાઈ રહ્યો હતો. એટલામાં ખળાવાડની અંદર કાંઈક અવાજ થતાં તે જાગી ઊઠ્યો અને આંખો ચોળતો-ચોળતો બેઠો થયો. ચારેબાજુ જોવા માંડ્યું ન મળે રાજ્ય કે ન મળે રાજકુમાર. બિચારો હાંફળો-ફાંફળો થઈ તાકીને જોઈ રહ્યો હતો.

આ પ્રમાણે ખળામાં તેની હાલત હતી અને તેના ઘરે એક બીજો જ કાંડ મચી રહ્યો હતો. તેના છોકરાને સર્પદંશ થવાથી મરી ગયો હતો. તેની મા છાતીકૂટ વિલાપ કરતી હતી. પાડોશના તમામ લોકો ભેગા થઈ ગયા હતા અને કરૂણાજનક વિલાપ સાંભળીને રડતા હતા. કોઈએ ખળવાડમાં જઈને પેલા ખેડૂતને સમાચાર આપ્યા. એટલેએ ત્યાંથી ઘેર આવ્યો. તેણે જોયું બધા લોકો છોકરાની લાશને બાંધીને સ્મશાનમાં લઈ જવાની તૈયારી કરી રહ્યા છે અને સાથે-સાથે રોકકળ ચાલે છે. રોનારામાંથી સર્વથી વધારે કરૂણાજનક રૂદન છોકરાની માનું હતું.

એકત્રિત થયેલા લોકોની દૃષ્ટિ જ્યારે પેલા ખેડૂત ઉપર પડી ત્યારે જોઈને તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા કે અમે બધા મરનાર છોકરાના સગા ન હોવા છતાં પણ રડીએ છીએ અને આ એનો બાપ સુઢ મુઢ થઈને જોયા કરે છે. લોકોથી એ વાત સહન થઈ શકી નહીં અને પૂછ્યું કે ભાઈ અહીં ભેગા થયેલા સર્વે લોકો રુએ છે, અફસોસ કરે છે અને તમે તેના બાપ થઈને પણ કેમ રોતા નથી ? શું તેના મરણનું તમને દુઃખ થતું નથી ? તેણે જવાબ દીધો કે, હું તો સાત રાજકુમારો માટે રોઉં કે આ એકને માટે ? લોકોએ પૂછ્યું સાત રાજકુમારો કોણ ? તેના ઉત્તરમાં પોતાના

સ્વપ્નની વાત કહી કે, હમણાં જ એક કલાક ઉપર મારે સાત દીકરા હતા અને હાલ તેમાનો એકેય નથી. તે જ પ્રમાણે આ પણ નથી. આવી રીતે જાણે સુખ-દુઃખને સમાન ગણ્યા છે. તેનો ઈશ્વર પાસે વાસ હોઈ કાયમ સુખ જ ભોગવે છે પરંતુ જે માયાના જીવ છે જે ભગવાનની ભક્તિ કરે છે તેને જ ભગવાન દુઃખ આપે છે. પરંતુ જે ભગવાનનો એકાંતિક ભક્ત છે તે તો એમ જાણે છે કે ભગવાન મારી કસોટી લઈ રહ્યા છે. સોનાની કિંમત ક્યારે ? કે તેને અગ્નિમાં તપાવે છે ત્યારે જ થાય છે. તેમ ભક્તની પણ કિંમત તેની ઉપર જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે જ થાય છે.

આ પ્રમાણે ભગવાનનો એકાંતિક ભક્ત સુખ-દુઃખને સમાન ગણે છે અને પ્રભુ જે કરે છે તે સારા માટે જ કરે છે. જુઓ ગામ અગત્રાઈના ભક્તરાજ પર્વતભાઈ શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત હતા. તેમના ઉપર શ્રીજી મહારાજનો પત્ર આવ્યો જેથી પોતાના માંદા છોકરાને મૂકીને ગઢડે ગયા. છોકરો દેહ મૂકી ગયાના સમાચાર આવ્યા પણ શોક થયો નહીં. તે જાણી મહારાજે કહ્યું કે છોકરાને મંદવાડ હતો તો તમારે અહીં આવવું નહોતું. પર્વતભાઈ કહે, પ્રભુ ! છોકરા તો થશે પણ આપની આજ્ઞાનો લોપ કેમ થાય ? એવા સુખ-દુઃખને સમાન ગણતા પ્રેમી ભક્ત પર્વતભાઈ હતા. તેવા જ ગામ મેઘપુરના દેવશી ભગત સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ભક્ત. સુખ-દુઃખને સમાન ગણતા હતા. પછી પોતે પોતાની વાડીએ જઈને બેઠા અને ઘરવાળીને ઘીનો ઘડો ભરીને ગઢપુર મોકલ્યાં. બાઈ ગઢપુર આવી લીંબડા નીચે મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા ભગત સુખી છે ને ? ત્યારે બાઈ કહે ભગત તો સુખી હતા અને હવે વધારે સુખિયા થયાં. બાઈ કહે એક દીકરો તમે દીધો હતો તેની ઉપાધિ હતી તેને તમે ધામમાં તેડી ગયા. આવી રીતે પરમાત્મા પોતાના ભક્તની કસોટી કરે છે. અને માયામાંથી મુક્ત કરી ભક્તિ કરાવી પોતાના ધામમાં લઈ જાય છે.

# પ્રભાતે કર દર્શનમ્

- ગીતા હિતેશ શાહ (ભુજ)

કરાગ્રે વસતે લક્ષ્મી, કરમૂલે સરસ્વતી ।
કરમધ્યે તુ ગોવિંદઃ, પ્રભાતે કરદર્શનમ્ ॥

હાથના અગ્રભાગમાં લક્ષ્મી રહે છે, મૂલ ભાગે સરસ્વતી અને હાથના મધ્યભાગમાં ભગવાન રહેલા છે. માટે પ્રભાતે હસ્ત દર્શન કરવાં.

પરિશ્રમ એ જ સર્વસ્વ છે. બધું જ તમારા હાથમાં છે. પેસા, વિદ્યા અને ભગવાન માટે.

પ્રભાતે કર (હાથ) દર્શનની પાછળ આપણી સંસ્કૃતિની કેવી ઊંચી ભાવના સમાયેલી છે.

ભારતીય સંસ્કૃતિ કહે છે -

"હે માનવ, નિત્ય સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ધ્યાન ભલે પ્રભુનું ધરજે પણ દર્શન તારા હાથનાં કરજે"

ને સાથે સાથે એવી ભાવના કરજે કે, આ હાથ વડે દીન દુઃખીની વેદનાના આંસુ લુછીશ, આ હાથ વડે પ્રભુનું અર્ચન-પૂજન કરીશ, આ હાથ વડે ખૂબ પરિશ્રમ કરી મહેનતથી રોટલો મેળવીશ, આ હાથ વડે કોઈ દુરાચાર નહીં કરું, આ હાથ વડે કોઈ કોઈનુંયે અણહક્કનું નહીં લઉં, આ હાથ વડે કોઈનાય ઉપર ઘા નહીં જ કરું, આ હાથ વડે ચોરી, જુગાર કે પાપાચાર નહીં જ આચરું, આ હાથ વડે કોઈનેય ધક્કો મારી ગબડાવી નહીં પાડું, આ હાથ વડે કોઈપણ પરસ્ત્રીનો કામભાવે સ્પર્શ નહીં કરું.

પ્રભુએ આ હાથ ઉત્કર્મ માટે આપ્યાં છે. એટલે સત્કર્મમાં જ વાપરીશ.

આ હાથ વડે ભગવાન, સંત અને માતા-પિતાના ચરણનો સ્પર્શ કરીશ.

આવી ઉત્તમ ભાવનાને આપણે પણ આત્મસાત્ કરીએ.

મહર્ષી વેદવ્યાસ પ્રણીત

**મહાભારત અંતર્ગત**

# विदुरनीति

નાના નાના ઘણા તથા સરખા તાંતણાઓ એકઠા થવાથી તે મજબૂત થઈને મોટા પ્રયાસને સહન કરે છે. સજ્જનોના સંબંધમાં આ ઉદાહરણ છે. હે ધૃતરાષ્ટ્ર ! બળતાં લાકડાં છૂટાં પડવાથી ધુમાય છે અને એકઠાં થવાથી બળે છે. હે ભરતશ્રેષ્ઠ ! એજ વાત જ્ઞાતિને લાગુ પડે છે. ૫૯-૬૦

### જુલમીને મળતું ફળ

હે ધૃતરાષ્ટ્ર ! જેઓ બ્રાહ્મણો, સ્ત્રીઓ, જ્ઞાતિ અને ગાય ઉપર શૂરાતન બતાવે છે, તેઓ ડીંટાંમાંથી ખરી પડતા પાકા ફળની જેમ નીચે ખરી પડે છે. ૬૧

### એકલવાઈ સ્થિતિ

વૃક્ષ ભલે મોટું હોય, બળવાન હોય તથા ઊંડા મૂળવાળું હોય, તો પણ જો તે એકલું ઊગ્યું હોય, તો વાયુ તેને ડાળીઓ સાથે પળવારમાં ઉખેડી નાખી શકે છે. પરંતુ જે વૃક્ષ એક બીજાને નજીક હોય છે અને જથ્થાબંધ રીતે ઊંડાં મૂળ ઘાલીને ઊગ્યાં હોય છે. તેઓ એક બીજાના આશ્રયને લીધે પ્રચંડ પવનની પણ ટક્કર ઝીલે છે. એ જ પ્રમાણે મનુષ્ય ભલે ગુણોથી સંપન્ન હોય, છતાં તે જો એકલો હોય, તો વાયુ જેમ એકલાં ઉગેલાં વૃક્ષને ઉખેડી શકે છે, તેમ શત્રુઓ પણ તેને ઉખાડી નાખવાનું શક્ય માને છે. ૬૨-૬૪

જ્ઞાતિઓ તો એક બીજાના જોરથી તથા આશ્રયથી સરોવરમાં રહેલા કમળોની પેઠે વૃદ્ધિ પામે છે. બ્રાહ્મણ, ગાય, જ્ઞાતિ, બાળક, સ્ત્રી, જેમનું અન્ન પોતે ખાતા હોઈએ તે અને જેઓ શરણે આવ્યા હોય તે, આટલા અવધ્ય ગણાય છે. ૬૫-૬૬

### મનુષ્યના મુખ્ય બે ગુણ

હે રાજન્ ! તમારું મંગળ થાઓ. મનુષ્યમાં ધનવાનપણું અને નિરોગીતા એ બે વિના બીજા કોઈ ગુણ નથી, કારણ કે રોગીઓ તો મૂઆ જેવા જ છે. ૬૭

### ક્રોધનું સ્વરૂપ

હે મહારાજ ! વગર વ્યાધિએ અરુચિ કરનાર, માથામાં વેદના કરનાર, પાપી સાથે સંબંધ રાખનાર, કઠોર, તિક્ષ્ણ, ઉષ્ણ, સજ્જનોએ પીવા યોગ્ય અને દુર્જનો જેને પીતા નથી એવા ક્રોધને તમે પી જાઓ અને સારી પેઠે શાન્ત થાઓ. ૬૮

### રોગીની અવસ્થા

રોગથી પીડાએલાઓ પુત્ર ફળ વગેરેનો અનાદર કરતા નથી અને વિષયોમાં ઈષ્ટ અનિષ્ટનો વિવેક જાણતા નથી. દુઃખી થયેલા તે રોગીઓ નિત્ય ધનનો ઉપયોગ કરી જાણતા નથી, તેમજ તેનું સુખ પણ મેળવી શકતા નથી. હે રાજન્ ! પૂર્વે દ્યૂતમાં દ્રૌપદીને જીતેલી જોઈને મેં તમને કહ્યું હતું કે, પંડિતો દ્યૂતક્રીડાનો ત્યાગ કરે છે, માટે તમે દુર્યોધનને જુગારની રમતમાંથી વારો, પરંતુ તમે મારું કહેવું નહોતું માન્યું. ૬૯-૭૦

### સત્ય વસ્તુનો વિચાર

સહિષ્ણુઓની સાથે જે વિરોધ કરે, તે કંઈ બળ કહેવાય નહિ. ધર્મ સૂક્ષ્મ છે અને તે આગ્રહપૂર્વક સેવવો જોઈએ. ક્રૂરના હાથમાં ગયેલી લક્ષ્મી નાશ પામે છે, પણ સરલ પુરુષના હાથમાં ગયેલી તે જ લક્ષ્મી વૃદ્ધિ પામે છે અને દીકરાના દીકરા સુધી પહોંચે છે. હે રાજન્ ! તમારા પુત્રો પાંડવોનું પાલન કરો, અને પાંડવો તમારા પુત્રોનું રક્ષણ કરો, બન્નેમાંથી એકના પણ જે શત્રુ તથા મિત્ર હોય, તે બીજાના પણ શત્રુ તથા મિત્ર ગણાઓ. બન્નેનાં કાર્યો પણ એક સરખા જ થાઓ. આમ સર્વ કુરુવંશીઓ સમૃદ્ધિવાળા થઈ સુખેથી જીવો, હે અજમીઢવંશી ! તમે આજે કૌરવોના નેતા છો, આ કૌરવકુળ તમારે આધીન છે. આથી હે તાત ! વનવાસથી અત્યંત દુઃખી થયેલા બાળક પાંડવોનું તમે પાલન કરો અને તમારા પોતાના યશનું રક્ષણ કરો. ૭૧-૭૩

મહામુની શતાનંદસ્વામી રચિત

## શ્રી શિક્ષાપત્રી અર્થદીપિકા સારાંશ

અને વળી મનુઋષિએ ક્યારેક આપત્કાળમાં ચોરીની છૂટ પણ આપેલી છે. *द्विजोऽध्वग: क्षीणवृत्ति: द्वाविक्षू द्वे च मूलके। आददान: परक्षेत्रात् न दण्डं दातुमहर्ति ॥ इति ॥* આ વાક્યનો એ અર્થ છે કે- કોઇ સમયે કોઇ પુરુષ માર્ગમાં ભટકતો હોય, બહુ ભૂખ લાગેલી હોય તો એ પુરુષ જો બીજાની વાડીમાંથી બે શેરડીના સાંઠા કે બે મૂળા લઇ લે તો એ રાજાના દંડને યોગ્ય નથી. તેવી જ રીતે કોઇ પુરુષને ત્રણ ઉપવાસ થઇ ગયા હોય, એવો પુરુષ ચોથે દિવસે કોઇકની વાડીમાંથી એક ટક ચાલે તેટલું જો અન્ન ગ્રહણ કરી લે, તો પણ એને દોષ લાગતો નથી.

આમાં શતાનંદ સ્વામીનો અભિપ્રાય એ છે કે, માલિક જો હાજર હોય, તો માલિકને પુછીને જ લેવું. પણ માલિક જો હાજર ન હોય, અને પોતાને ત્રણ ઉપવાસ થઇ ગયા હોય, એવો પુરુષ જો ચોથે દિવસે એક ટક જેટલું અન્ન લઇ લે, અથવા બે શેરડીના સાંઠા કે બે મૂળા લઇ લે, તો એ દોષનો ભાગીદાર બનતો નથી. કારણ કે એ આપત્કાળનો વિષય છે. આપત્કાળમાં તો આપત્કાળના ધર્મ પ્રમાણે રહેવું, આવું શ્રીહરિનું તાત્પર્ય છે. ॥૧૭॥

***व्यभिचारो न कर्तव्य: पुम्भि: स्त्रीभिश्च मां श्रितै: ।***
***द्युतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥ १८ ॥***

અને અમારા આશ્રિત પુરુષો તથા સ્ત્રીઓ હોય, તેમણે વ્યભિચાર ક્યારેય પણ કરવો નહિ. અને જુગાર આદિક વ્યસનોનો ત્યાગ કરી દેવો; અને ભાંગ, ગાંજો, અફીણ આદિક કેફ કરનારી વસ્તુનું ક્યારેય પણ ભક્ષણ કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે- શ્રીજીમહારાજે સદાચારને અતિ મહત્ત્વ આપેલું છે. ગૃહસ્થો માટે સદાચારમાં સારામાં સારું પાસું એકપત્ની વ્રત છે. પોતાની પત્ની સિવાય બીજી તમામ સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ, બહેનભાવ, કે દીકરીભાવ રહે, આવા ગૃહસ્થને બ્રહ્મચારીની સમાન ઉત્તમ કહેલો છે. અને જો ગૃહસ્થ પુરુષો કે સ્ત્રીઓના હૃદયમાં પાપમય વાસનાનો પ્રવેશ થાય, અને એ પ્રવેશને પોતે અટકાવી શકે નહિ, અને જો અનિષ્ઠ આચરણ કરે, તો એ ગૃહસ્થ મહાપાપી બને છે. અને આ લોકમાં પણ મહાન નિંદાને પામે છે. આ વિષયમાં અહીં મનુસ્મૃતિનું વાક્ય પ્રમાણરૂપ છે. ***व्यभिचारात्तु भर्तु: स्त्री लोके निन्द्यतां प्राप्नोति शृगालयोनिमाप्नोति । पापरोगैश्च पीडयते*** *॥ इति ॥* આ શ્લોકનો એ અર્થ છે કે સ્ત્રી જો વ્યભિચાર કર્મ કરે, અર્થાત્ જો પરપુરુષનો સંગ કરે તો એ સ્ત્રી આ લોકમાં નિંદાને પાત્ર બને છે. અને પરલોકમાં શિયાળીની યોનિને પામે છે. અને એ યોનિમાં પાપ તથા રોગ વડે પીડા પામે છે. એ જ પ્રમાણે પુરુષ જો પરસ્ત્રીનો સંગ કરે, તો પુરુષ પણ આ લોકમાં નિંદાને પાત્ર બને છે. અને પરલોકમાં શિયાળની યોનિને પામે છે. અને એ યોનિમાં પાપ અને રોગ વડે પીડા પામે છે. આ રીતે બન્નેને સમાન દોષ કહ્યો છે.

તેવી જ રીતે મહાભારતના આનુશાસનિક પર્વમાં પણ મહાન દોષ બતાવ્યો છે- *परदारेषु ये मूढाश्चक्षुर्दुष्टं प्रयुज्जते । तेन दुष्टस्वभावेन जात्यन्धास्ते भवन्ति हि ॥ इति ॥* આ શ્લોકનો એ અર્થ છે કે- જે પુરુષો સ્ત્રીઓ ઉપર ખોટી દૃષ્ટિ કરે છે, એ પુરુષો પોતાના જ દુષ્ટ સ્વભાવે કરીને જન્મથી જ આંધળા થાય છે. અને વળી વાસુદેવમાહાત્મ્યમાં પણ બતાવેલું છે કે- ગૃહસ્થાશ્રમી પુરુષોએ કામભાવે કરીને પરસ્ત્રીઓને ક્યારેય પણ જોવી નહિ. અને શ્રાદ્ધ, પર્વ અને વ્રત આદિક દિવસોમાં પોતાની સ્ત્રીનો પણ સંગ કરવો નહિ. અને વળી દેવળસ્મૃતિની અંદર પણ વ્યભિચારના વિષયમાં મહાન દોષ બતાવેલો છે- *या कामेनाऽन्यपुरुषं योषाऽभिसरति क्वचित । सा खरी*

*સમજન્માનિ નિરયાન્તેડતિરુગ્ ભવેત્ ॥ ઇતિ ॥* આ શ્લોકનો અભિપ્રાય એ છે કે- જે સ્ત્રી કામાસક્ત થઈને પરપુરુષનો સંગ કરે છે. એ સ્ત્રી પ્રથમ નરકને પામે છે. અને નરકનું દુઃખ ભોગવી લીધા પછી સાત જન્મ પર્યંત ગધેડીના જન્મને પામે છે, અને અતિ રોગી થાય છે. એજ રીતે ભાગવત શાસ્ત્રમાં પણ પ્રતિપાદન કરેલું છે કે- જે સ્ત્રી અને પુરુષ બન્ને પરસ્પર જો વ્યભિચાર કર્મ કરે છે, તો યમદૂતો નરકમાં ચાબુક વડે પ્રહાર કરતા થકા અગ્નિથી તપાવેલી લાલચોળ લોઢાની સ્ત્રીની પૂતળી સાથે પુરુષને આલિંગન કરાવે છે. અને પુરૂષના પૂતળાંની સાથે સ્ત્રીને આલિંગન કરાવે છે. આ રીતે વ્યભિચાર કર્મનું મહાન દુઃખ તમામ શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. માટે મન વડે કરીને પણ વ્યભિચાર કરવો નહિ, આવું તાત્પર્ય છે.

# મારું જીવન સફળ કેવી રીતે થાય

- રમણ ગજ્જર (ભુજ)

પ્રત્યેક વ્યક્તિએ પોતે જ પોતાની જાતને આ પ્રશ્ન પૂછીને તેનો યથાર્થ જવાબ મેળવવો જોઈએ જ. અને તે જવાબ અનુસાર મંગલમય રીતે જીવન જીવવું જોઈએ. તો જ વ્યક્તિ-સમાજ ઉન્નતિના શિખરો સર કરી શકે છે. ‘‘હું કોણ છું ?’’ મારે કેવું જીવન જીવવું જોઈએ ? મારા જીવનનું અંતિમ ધ્યેય શું છે ?’’

આનો જવાબ એવો હોવો જોઈએ કે હું શ્રીહરિનો ભક્ત છું. મારું જીવન સત્સંગની શોભા વધારે તેવું હોવું જોઈએ. અને મારા જીવનનું ધ્યેય એ છે કે, મારી પ્રત્યેક ક્રિયા જોઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રસન્ન થાય. આપ સૌ પણ જવાબ સાથે સહમત થશો.

આળસ, પ્રમાદ, શંકા, કુશંકાને તિલાંજલિ આપીને હું જીવનમાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, નૈતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક રીતે પ્રગતિના સોપાનો સિધ્ધ કરું. તેવા જ કાર્યોમાં રચ્યો-પચ્યો રહું.

ઈશ્વર પણ તેમને જ મદદ કરે છે કે, જેમના જીવનમાં પરિશ્રમ, ઈમાનદારી, સત્ય, અહિંસા, નિઃસ્વાર્થ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ભરેલા હોય. જે કર્તવ્ય પરાયણ હોય. મારા ખાન-પાન, રહેણી-કરણી, બોલચાલ, વિચારસરણી બધી જ બાબતોમાં ભારતીય સંસ્કૃતિના નૈતિક મૂલ્યો જળવાતા હોવા જોઈએ. તેના જ લીધે મારું વ્યક્તિત્વ જ્ઞાનવાન, ધર્મવાન, શીલવાન, સંસ્કારવાન બની શકે છે.

ભૌતિક સુખ સગવડોના મોહપાશમાં જકડાવાના બદલે મારું તન, મન, ધન અને ધગશ બધું જ સત્સંગવૃધ્ધિમાં વપરાય તેવા મારા વિચાર, વાણી અને વર્તનની એકતા હોય. જેનાથી શ્રીજી મહારાજની દિવ્ય પ્રસન્નતા મને પ્રાપ્ત થાય અને જતે દહાડે હું સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો એકાંતિક ભક્ત બનું.

હું જ્ઞાન અને કર્મના ઉત્તમોત્તમ સંયોજન દ્વારા સત્સંગની અહર્નિશ સેવા કરું. કારણકે જગતમાં કંઈપણ આપ્યા વિના કંઈ જ મળતું નથી. સામ, દામ, દંડ અને ભેદ દ્વારા હું સત્સંગ ઉત્કર્ષ વિરૂધ્ધ કોઈ જ પ્રવૃત્તિમાં પડું નહીં. તો જ મારું જીવન લેખે લાગે.

શ્રીજી મહારાજ આજે સંતો, મંદિરો, શાસ્ત્રો અને આચાર્ય મહારાજશ્રીના સ્વરૂપે સત્સંગમાં પ્રગટ છે છે ને છે જ. સત્સંગ આ ચાર પાયા પર ટકેલો છે. તેમાંથી મારો એક પણ પાયો આ બાબતે નબળો, ઢીલો, પોચો હોય તે ન ચાલે. ભગવાન શ્રી સ્વામિનારાયણ મને એવી શક્તિ પ્રદાન કરે કે હું સતત સંતોના સાંનિધ્યમાં રહું, નિયમિત મંદિરની સેવા કરું, ધર્મશાસ્ત્રોનું અહર્નિશ પઠન અને શ્રવણ કરું તથા મહારાજની આજ્ઞાનું અક્ષરસઃ પાલન કરું. તો જ મારું આ જીવન સફળ થાય. જય શ્રી સ્વામિનારાયણ.

# જીવનમાં પ્રભુભક્તિ અત્યંત જરૂરી છે

- ડો. કાનજી કેરાઈ
(કેન્ટન-લંડન)

આજે મનુષ્યને સુખ-શાંતિ જોઈએ છે. જીવન જીવવા માટેનાં બધાંય સાધનો તેની પાસે હોવા છતાં પણ તેને પૂછશું તો કહેશે, મારે આ વાતનું દુઃખ છે, મને શાંતિ નથી. પછી ભલે તે ગરીબ કે મોટામાં મોટો શ્રીમંત હોય પણ સર્વેને મનની શાંતિ નથી. જીવન આનંદમય લાગતું નથી. તો આ બધાનો ઉપાય શું ? દરેક ધર્મોમાં તેના બોધ દ્વારા સમજાવ્યું છે કે, પ્રભુને ભજશો, ભજનમાં આનંદ લેશો, પ્રભુ નામસ્મરણ કરશો તો જીવન જીવવાનો રાહ મળી જશે. આજેપણ વિદ્યમાન સંતો, ભક્તો આપણને આ વાત સમજાવી રહ્યા છે. પરંતુ મોહજાળમાં, માયામાં ફસાયેલો માનવી તેમના ધર્મથી વિમુખ થતો જાય છે અને દિનપ્રતિદિન વધારે ને વધારે દુઃખી થતો જાય છે.

'બડે ભાગ માનુષ તનુ પાવા' મનુષ્ય જીવનની પ્રાપ્તિ એ ઘણાં પુણ્યકર્મોનું ફળ છે. મનુષ્ય એ સર્વશ્રેષ્ઠ યોનિ છે. એ દુર્લભ છે. મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી. આ મહામૂલા મનુષ્ય શરીરનું મૃત્યુ થતાં પહેલાં જ મનુષ્ય પોતાનાં આત્માને જાણી લે તો જીવનથી મુક્ત થઈ જાય છે. અનુપમ મનુષ્ય યોનિ ને પ્રાપ્ત કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિને સારુ પ્રભુની ઓળખ કરવામાં કોઈપણ પ્રકારની કસર કરવી જોઈએ નહીં. આપણાં સદ્ભાગ્યની વાત છે કે, મનુષ્ય અવતાર મળ્યો છે. પરંતુ મનુષ્યજીવન ફક્ત ખાઈ-પીને વેડફી દેવા માટે નહીં પણ પ્રભુભક્તિ કરીને પરમાત્માને પ્રાપ્ત કરવા માટે છે, નહીં તો પ્રાણી અને મનુષ્ય વચ્ચે તફાવત શો ? છતાં એ હકીકત સ્વીકારવી રહી કે, મોટાભાગનાં માણસો ભૌતિક જીવનની જંજાળમાં એટલા બધાં ખૂંપેલાં હોય છે કે બહુ ઓછાને પ્રભુભક્તિ કરવાનો વિચાર આવે છે.

અત્યાર સુધી આપણે સૌ ધંધા-નોકરીના વિકાસ માટે જ પ્રયત્નો કર્યા છે. ધંધાનો નોકરીનો વિકાસ સૌએ કર્યો પણ આપણા પોતાના વિકાસ માટે કશું જ કર્યું નથી. આપણા પોતાના વિકાસ માટે આપણી પાસે હવે જે કંઈ સમય બચ્યો છે એનો સદુપયોગ ભગવદ્ભક્તિમાં કરવો જોઈએ. ભગવદ્ સ્મરણમાં બાકી જે કંઈ સમય છે તેનો વધુમાં વધુ ઉપયોગ કરવો રહ્યો. કાળની ઝાપટ ક્યારે વાગશે તે નક્કી નથી. ઘણા બધા માનતા હોય છે કે હજુ વાર છે... ભજીશું.... હજુ સમય છે, પણ ક્યારે ?

આધ્યાત્મિક જીવન તરફ જતી કેડી, કામ, ક્રોધ, લોભ અને મોહરૂપી કંટકોથી છવાયેલી છે એટલે જ કોઈ કવિએ કહ્યું છે - હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને... પરંતુ જો આપણે આમ વિચારી બેસી રહીએ તો હરિનો માર્ગ પ્રાપ્ત ન થાય. સંસારમાં રહેતી એક વ્યક્તિએ આધ્યાત્મિક પ્રગતિ કરી શકે એટલા માટે જ પ્રભુએ ગીતામાં ક્રમે ક્રમે પ્રગતિ થાય તે વિસ્તારથી સમજાવ્યું છે. એમાં સૌ પ્રથમ ભક્તિ વિશે વાત કરી છે. જે કોઈપણ વ્યક્તિ કરી શકે છે. તેમાં એક પાઈનો પણ ખર્ચ નથી. તેના માટે એકાંતની પણ જરૂર નથી, કે બીજે ચક્કરો મારવાની પણ જરૂર નથી. બસ હરતાં-ફરતાં દુન્યવી કાર્યો કરતાં પ્રભુનામ મનમાં રટ્યા કરો. આમ કરતાં-કરતાં અંતરમનની શુધ્ધતા થશે. વાસનાઓની તાકાત ઘટવા લાગશે અને ભક્તિમાં મન પરોવાશે. ભગવાનની ભક્તિ એ જ મુક્ત બનવાનો ઉપાય છે.

મનુષ્ય અવતાર પ્રભુએ આપણને ભક્તિ દ્વારા પ્રભુ તરફ વાળવા માટે આપ્યો છે. તેથી તો ભક્તને ભગવાનની રાહ જોતો યજમાન કહ્યો છે. ''બડે ભાગ માનુષ તનુ પાવા, સુર દુર્લભ સબ ગ્રંથહિ ગાવા । સાધન ધામ મોરછ કર દ્વારા, પાઈ ન જેહી પરલોક સંવારા ॥'' આ મનુષ્ય દેહ બહુ પુણ્યના

પ્રતાપે મળ્યો છે. માનવદેહ દુર્લભ છે એને બધા ધર્મગ્રંથો કહે છે. આ શરીર મોક્ષનું દ્વાર અને આત્મસાક્ષાત્કારનું સાધન છે. તેનાથી આલોક અને પરલોક સુધારી લેવાના છે. આ મનુષ્ય દેહ ભવસાગરમાં નૌકા સમાન છે. પ્રભુની કૃપાએ જ એને માટે અનુકૂળ પવન છે. સદ્‌ગુરુ એ નાવનો કુશળ અને દૃઢ કર્ણધાર છે. જે મનુષ્ય આવું અણમોલ સાધન પ્રાપ્ત થવા છતાં ભવસાગર પાર ન કરે તો તે કૃતઘ્ન અને મંદબુધ્ધિ છે.

ચોરાસી લક્ષ યોનિમાં ફક્ત આ માનવ શરીર જ એક એવું છે કે, જે આપણને જન્મ-મરણના ચક્કરમાંથી છોડાવી શકે છે. જેવું આપણને તન મળ્યું છે. એવું પશુ-પંખી, સ્થળચર-નભચર અને જળચરને પણ મળ્યું છે. પણ બીજા શરીરથી ભગવાનનું ભજન કે ભગવદ્‌ભક્તિ ન થાય. ગાય, બિલાડી, કૂતરાંને ભજન કરવું હોય તો ન થઈ શકે. માત્ર આ માનવ શરીરમાં જ પરમાત્માની ભગવદ્‌ભક્તિ થઈ શકે છે. એટલે આજે સૌએ પ્રભુ ભજનમાં મગ્ન થવાની જરૂર છે. એટલે જ કહ્યું છે કે - ભાઈ, ભજી લે ને કિરતાર, મોંઘો મનુષ્ય દેહ તને નહીં મળે વારંવાર કે ભાઈ, તું ભજી લે ને કિરતાર....

ભગવદ્‌ભક્તિ તરફ વળવું એ તો પુનર્જન્મનું ફળ છે. પૂર્વજન્મના સંસ્કાર હોય તો જ ભગવદ્‌ભક્તિમાં ચિત્ત પરોવાય છતાં કેટલાક એવા સંજોગો જીવનમાં પેદા થાય છે તેના કારણે પણ ઘણાં મનુષ્યો ભગવદ્ ભક્તિ કરીને પ્રભુને પામ્યાં છે ને સંસારસાગર તરી ગયાં છે. સ્વામિનારાયણ. સ્વામિનારાયણ. સ્વામિનારાયણ.

# સહજાનંદ અર્થદીપિકા

-રસિક ગોળવિયા
(વેળાવદર હાલે સુરત)

શ્રીજી મહારાજના સમયના પરમહંસોમાં ખૂબ ઓછા જાણીતા, ગઢપુરની લક્ષ્મીવાડીએ શેષ જીવન વ્યતિત કરનાર છતાં, પણ નિષ્ઠાના રણકારમાં આગલી હરોળમાં ઊભા રહેનાર હતા વિધાત્રાનંદ સ્વામી. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી વિધાત્રાનંદ સ્વામીની ઈષ્ટનિષ્ઠાને સારી રીતે જાણતા અને તેથી તો હરિભક્તોને તેમનો ઉપદેશ સાંભળવા, સમાગમ કરવા ખાસ પ્રેરતા. આવા વિધાત્રાનંદ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામના વિશિષ્ટ અર્થો કાઢ્યા છે. તેથી તે બાબતને સહજાનંદ અર્થદીપિકા કહી શકાય તેમણે કરેલા સહજાનંદના ૨૩૦ અર્થોનો ભાવ અભણને પણ અનુભવાય છે. વિધાત્રાનંદ સ્વામીના અમુક પ્રસંગોના અનુસારે વિધાત્રાનંદ સ્વામી સંવત ૧૯૧૪ સુધી હયાત હતા. તેઓનું જન્મસ્થળ, જન્મદિવસ કોઈ બીજી કશી માહિતી ખાસ ઉપલબ્ધ નથી.

વિધાત્રાનંદ સ્વામીએ સહજાનંદ શબ્દના ૨૩૦ અર્થ કર્યા છે. આ અર્થોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મથી આરંભી સ્વધામગમન સુધીના લીલાચરિત્રો, સર્વોપરિપણું, કાર્ય, સંતો તથા ભક્તોનો મહિમા, તત્ત્વજ્ઞાન વગેરે તમામ સમાવી લીધું છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં આ પ્રકારનો ગ્રંથ આ એક જ હોય.

૨૩૦ સહજાનંદના અર્થોમાંથી યત્‌કચિત થોડા અર્થો અહીં લઈએ છીએ. જેથી વિધાત્રાનંદ સ્વામીએ સહજાનંદના કેવા સરસ અર્થો બતાવ્યા છે તેનો અવશ્ય ખ્લાય આવશે.

(૧) સહજ સ્વાભાવિક નિત્ય-સિધ્ધ પોતાને વિષે આનંદ છે એવા આનંદમય પોતે છે. પોતે સહેજે સહેજે આનંદ ઉપજાવે છે. સર્વ કોઈને આનંદ આપનારા છે માટે સહજાનંદ. (૨) પોતાના ભક્તોને સમાધિના વિશે જે આનંદ આપ્યો છે ને પોતાના અવતારો તેમણે

ભક્તોને સમાધિમાં તેવો આનંદ નહોતો આપ્યો. આજે ઘણો જ આનંદ આપ્યો છે તેમાં બહુ જ બહુ જ ચમત્કાર છે એવા આનંદમય પોતે છે માટે સહજાનંદ. (૩) પોતાના ભક્તને ગુપ્ત અગુપ્ત કષ્ટ આવે તેને કાપીને પોતે આનંદ આપે છે તે માટે સહજાનંદ. (૪) પોતાના અક્ષરધામને વિશે રહ્યા થકી અનંત પોતાના અક્ષરાત્મક મુક્તોને પોતે આનંદ આપે છે માટે સહજાનંદ. (૫) સહજ સ્વાભાવિક અનંત બ્રહ્માંડને વિશે પ્રગટ થઈને અનંત જીવોના આત્યાંતિક કલ્યાણ કરીને પોતે હરિકૃષ્ણે આનંદ આપ્યો છે અને હજુ આપશે તે માટે સહજાનંદ. (૬) નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિક સર્વે ધામોની સર્વે પોતે પધરાવેલ મૂર્તિઓ તે રૂપે પોતે દર્શન આપી પોતે આનંદ આપ્યો તથા અનેકા-અનેક સમૈયા મહોત્સવ કરીને સંતો-ભક્તોને અનુપમ આનંદ પોતે આપ્યો માટે સહજાનંદ . (૭) સહજ સ્વાભાવિક તીર્થ, વન, પર્વત, દેશ, પરદેશ આલોક-પરલોક તેમાં ફરીને અનંત જીવોના બંધન કાપીને પોતે આનંદ આપ્યો માટે સહજાનંદ. (૮) જુદા-જુદા સંપ્રદાય મત પંથના લોકોને સર્વેના ઈષ્ટદેવરૂપે પોતે દર્શન આપી પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવી પોતે આનંદ આપ્યો માટે સહજાનંદ. (૯) આનંદમય પોતે પોતાના જનોને પોતાના પ્રતાપે હજારો જીવોને સિધ્ધદશા આપીને પોતે આનંદ આપ્યો માટે સહજાનંદ. (૧૦) હજારો જીવોને શુધ્ધ એકાંતિક ધર્મમાં સ્થિતિ કરાવી પોતે આનંદ આપ્યો માટે સહજાનંદ. (૧૧) સત્શાસ્ત્રોને વિશે કલ્યાણને અર્થે અનંત સાધન કહ્યા છે તેમાં આ નામના નામી જે પુરુષોત્તમ તેની ઉપાસના કરવી તે તુલ્ય બીજું કોઈ આનંદકારી સાધન નથી એવા આનંદમય પોતે છે માટે સહજાનંદ. (૧૨) સહજ સ્વાભાવિક પોતાને વિશે ચોવીસ અવતારો લીન થઈ ગયા તે પર્વતભાઈએ દેખીને આનંદ પામ્યા માટે સહજાનંદ. (૧૩) પોતે સાક્ષાત્ નિજાનંદમય એવા પુરુષોત્તમનારાયણ આનંદમય પોતે છે માટે સહજાનંદ. (૧૪) પોતે પરિપૂર્ણ પુરુષોત્તમ સર્વગુણ સંપન્ન આનંદકારી છે માટે સહજાનંદ. (૧૫) સર્વના કર્તા, હર્તા ને સદા દિવ્ય સાકારમૂર્તિ જે પોતે તેની નિષ્ઠા કરાવીને અનેક નાસ્તિક વેદાંતીએ યવન જેવા જીવોને પોતે આનંદ આપ્યો માટે સહજાનંદ. (૧૬) સર્વે સાધુ, સત્સંગીઓને સર્વે ભય થકી નિર્ભય કર્યા ને આનંદ આપ્યો તેવા આલોક અને પરલોકમાં આનંદ આપવા કોઈ સમર્થ નથી એવા સર્વોત્તમ આનંદમય મૂર્તિ પોતે છે માટે સહજાનંદ. (૧૭) સહજ સ્વાભાવિક પોતાના દર્શન માત્રે કરીને અનંતજીવોના મનની વૃત્તિયું પોતાની મૂર્તિમાં તણાઈ જાય ને તે આનંદ પામે માટે સહજાનંદ. (૧૮) અનંત જીવોને સમાધિ કરાવીને પોતાની મૂર્તિને વિશે ચિત્તનો નિરોધ કરાવીને પોતે આનંદ આપ્યો માટે સહજાનંદ. (૧૯) પોતાના સર્વે અંગોના દર્શન માત્ર આનંદમય છે એવી આનંદમય દિવ્ય મૂર્તિ પોતે છે માટે સહજાનંદ. (૨૦) નદીના જળને વખાણી પોતાના સંત ભક્તજન સાથે જળક્રીડા કરી બહુ જ આનંદ ઉપજાવતા આનંદ આપ્યો છે માટે સહજાનંદ. (૨૧) સંત ભક્તની સભાને વિષે વારંવાર શિક્ષા (જ્ઞાનઉપદેશ) કરવી એવો આનંદકારી તો જેનો સ્વભાવ છે માટે સહજાનંદ. (૨૨) પોતાના ભક્ત જે ગુણ લે છે અવગુણ લેતા નથી જે પોતાની અનુવૃત્તિમાં વર્તે છે તેની અનંત વિધ્નોમાં રક્ષા કરી-કરાવીને પોતે આનંદ આપ્યો તે માટે સહજાનંદ. (૨૩) શુધ્ધ એકાંતિક ધર્મ પ્રવર્તક ને પોતાના સંતો જે સદ્‌ગુણે યુક્ત તેમના મુગટમણી રઘુવીરજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજને સર્વોપરી આનંદ આપ્યો તે માટે સહજાનંદ. (૨૪) આનંદમય પોતાની મૂર્તિ તેને સચ્ચિદાનંદ આદિક મોટેરા સંતો, ત્રણેય અવસ્થામાં અખંડ દેખે છે. તેઓ આનંદ પોતે પોતાના સંત (ભક્તો, પર્વતભાઈ, ગોવર્ધનભાઈ વગેરે) ભક્તોને અતિ આનંદ આપ્યો માટે સહજાનંદ. (૨૫) સર્વ કલંકના ભટકેલા અનંત જીવો તેને નિષ્કલંક કરી મહાઆશ્ચર્યકારી આનંદ આપ્યો માટે સહજાનંદ. (૨૬) વેદના ગૂઢ અર્થો જે દુઃખે કરીને કોઈની

જાણ્યામાં નહોતા આવતા તે સુલભ અને સરળ કરી બતાવી આનંદ આપ્યો માટે સહજાનંદ. (૨૭) આવા સહજાનંદને જે કોઈ ભક્ત અસૂયાએ રહિત થકીને અનિશે વિશ્વાસને આસ્તિકપણે યુક્ત થકી સર્વે પ્રકારે હૃદયને વિશે ધારશે તેને સહર્ષ જ્ઞાનેયુક્ત પોતાની પરમ આનંદકારી એવી આત્યાંતિક ભક્તિ રાજી થઈને દેશે તે માટે સહજાનંદ.

આમ વિધાત્રાનંદ સ્વામીએ ૨૩૦ અર્થો સહજાનંદના કરી આપણે બતાવ્યા છે. તેમાંના સમજ માટે યત્‌કિંચિત માત્ર અહીં લખ્યા છે. ગ્રંથકારે તરેહ-તરેહના ઘણાંજ અર્થો પ્રયોજ્યા છે તેને અતિ નિપુણ બુધ્ધિવાળા સ.ગુ. નિત્યાનંદ સ્વામીએ કાવ્યમાં પુરુષોત્તમપ્રકાશ ૨૩/૧૮/૧૯ માં એક-એક અક્ષર ‘સ, હ, જા, નં, દ’ ના અર્થો લખ્યા છે. તેવી જ રીતે ૧૮૦ મા અર્થમાં ૧૯ અર્થો સહજાનંદના એક-એક નામોના મળીને વિધાત્રાનંદ સ્વામીએ પ્રયોજ્યા છે. આવા વિધાત્રાનંદ સ્વામીને કોટિ-કોટિ પ્રણામ હજો.

## ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીભુત હમીરસરનું દર્શન,પૂજન, અર્ચન કલ્યાણદાયી છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા ‘‘સ્વાન્ત સુખાય હમીરસર પ્રોજેકટ-૨૦૦૮ અંતર્ગત આવતા નાંણાનો ઉપયોગ કરીને હમીરસર ને રળિયામણું બનાવવા માટે તથા તેમાં સરળતાથી વધારે પાણી આવે, તેની જળસંગ્રહ શક્તિ વધે તે માટે સુંદર પ્રયાસો કરવામાં આવ્યા હતા જે અભિનંદનીય છે. તે સમયે પણ સરકારશ્રીના આ ઉમદા કાર્યમાં શ્રી નરનારાયણદેવ-સ્વામિનારાયણ મંદિરે આર્થિક સહયોગ આપ્યો હતો.

આ સાથે આપણે હમીરસર વિષે સામાન્ય માહિતી અને ભુજ-કચ્છની જાહેર જનતામાં હમીરસર વિષે જોડાયેલી લાગણીઓના તંતુઓની ચર્ચા કરી.

હવે આ મહાન સરોવર- હમીરસરને અક્ષરધામના અધિપતિ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના દિવ્ય ચરણાર્વિંદથી પૂનિત-પાવન કર્યું હતું તેની વિગતે માહિતી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાનગ્રંથ ‘શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર’ ગ્રંથમાં ગ્રંથકર્તા ભુજ મંદિરના પહેલા મહંત ભાનુશાલી પરિવારમાં જન્મેલા અચ્યુતદાસજી સ્વામીએ રજુ કરી છે. આ ગ્રંથને શ્રી હરિની કચ્છલીલા તરીકે પણ સૌ જાણે છે.

જનકલ્યાણ માટે નર તન ધારણ કરનાર ભગવાન શ્રી હરિએ સંતો-પાર્ષદો અને હરિભક્તોના સમૂહ સાથે આ હમીરસરના નીરને અનેક વખત પ્રસાદીરૂપ કર્યા છે. કોઈ એક વખત શ્રીહરિ ભકતોના સમૂહ સાથે હમીરસરમાં સ્નાન કરવા પધાર્યા. તે સમયે દિવ્ય લીલા ચરિત્ર દર્શાવતા શ્રી હરિએ કહ્યું કે હું આ જળમાં ડુબકી લગાવું છું તમો સાવધાન થઈ મને ગોતી કાઢો. આમ કહીને સૌની નજર સમક્ષ શ્રી હરિએ શરીરના મુખ, નાક, આંખ, કાનના છિદ્રોને રોકીને સરોવરના અગાધ જળમાં ડુબકી લગાવી. હીરજીભાઈ, સુંદરજીભાઈ સુતાર તથા ગંગારામ મલ્લ વિગેરે હરિભક્તોએ જયાં ભગવાને ડુબકી લગાવી હતી. ત્યાં બે પહોર સુધી શોધખોળ કરી પણ પ્રકૃતિથી પર એવા શ્રી હરિને કોઈ શોધી શક્યું નહીં. ત્યારે સૌ થાકીને હમીરસરના કિનારે બહાર આવીને ઊભા રહ્યા. ચિંતામગ્ન ચહેરે સૌ ભક્તો શ્રી હરિને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા કે હે પ્રભુ ! આપ જલ્દી જલ્દી જળમાંથી બહાર આવીને અમને આપશ્રીના અલૌકિક દર્શનનો લાભ આપો.

ત્યારે ભકત વત્સલ ભગવાન શ્રી હરિ ભક્તજનોની પ્રાર્થના સાંભળીને તત્કાળ સરોવરના જળ ઉપર પોતે દેખાયા અને સૌ ભક્તો અનિમેષ દૃષ્ટિએ શ્રી હરિના દર્શનનો લાભ લેવા માંડયા. આ પ્રસંગે આકાશમાં દેવતાઓ પણ શ્રી હરિના દર્શને પધાર્યા હતા અને શ્રીહરિ પર પુષ્પવૃષ્ટિ કરીને પોતાનો આનંદ વ્યક્ત કરતાં હતા.

અદ્‌ભુત જળક્રિડા ચરિત્ર કરી શ્રી હરિ જળમાંથી બહાર આવીને નિવાસ સ્થાને પધાર્યા અને પ્રયાગજી ભટ્ટ પાસે

ભાગવત કથા શ્રવણ કરવા લાગ્યા.

શ્રી હરિ રમણીય એવા તે હમીરસર સરોવરમાં પોતાના ભક્તો સાથે જયારે ભુજમાં વિરાજતા હોય ત્યારે દરરોજ સ્નાન કરતા હતા. તે હેતુથી તે સરોવર પૃથ્વી ઉપર તીર્થોત્તમ પાપ વિનાશ નામનું તીર્થ થયું. તે આ સરોવરમાં તીર્થ વિધિ કરીને જે પુરુષ શ્રાદ્ધ, દાન, મંત્ર-જપ, દેવપૂજન અને સ્તોત્ર, પાઠ આદિક જે કંઇ બીજું પણ કરે તે પુરુષ પુષ્કરરાજ નામના તીર્થનું શાસ્ત્રમાં જે ફળ કહ્યું છે તેને જ પામે. અને હમીરસરોવરના કિનારે અમો બેઠેલા તે વેદિકાનું દર્શન કરીને જે કોઇ પુરુષ, હમીરસરોવરમાં સ્નાન કરશે, તેને ગંગા સ્નાનનું ફળ થશે.

એક વખત ભાવિક ભક્તોના મનોરથો પૂર્ણ કરીને શ્રી હરિ ભુજ શહેરમાં પધાર્યા હતા. તે સમયે સંતદાસજી શ્રીજીને દર્શને આવ્યા. તે સંતદાસજી સમાધિનિષ્ઠ હતા. તેમને જમાડવા, ઉઠાડવા, બેસાડવા એ બધું શ્રીજી મહારાજ પોતે જ કરાવતા. તેમને રાત દિવસની પણ ખબર નહોતી. અહોર્નિશ મૂર્તિની સાથે તેમની એકલતા હતી. હરિભક્તોને સાથે લઇને હમીરસરોવરની પશ્ચિમ બાજુએ અત્યારે જે ફૂલવાડી છે ત્યાં વડ હતો ત્યાં પધાર્યા. ત્યાં સ્નાન કરવા લાગ્યા. શ્રી હરિ પોતે સ્નાન કરીને બહાર નીકળ્યા. બીજા પણ નીકળ્યા. પણ સંતદાસજી તો ડૂબકી મારીને અંદર પેઠા તે બહાર નીકળ્યા જ નહિં. શ્રીજી તો વસ્ત્ર પહેરીને જવા તૈયાર થયા. ત્યારે બીજા સંતોએ કહ્યું જે, સંતદાસજી તો પાણીમાંથી હજુ બહાર નીકળ્યા નથી. ત્યારે શ્રીજીએ કહ્યું જે એ તો બદરિકાશ્રમમાં ગયા છે માટે એમને કોઇ ખોળશો નહિ.

શ્રી હરિ ભુજનગરમાં જયાં સુધી રહ્યા ત્યાં સુધી નિત્ય હમીરસર તળાવમાં સ્નાન કરવા પધારતા. તે પાટવાડીને દરવાજે થઇને આપણા બાગનો ઉગમણો દરવાજો હતો ત્યાંથી બાગ વચ્ચેથી માર્ગ હતો ત્યાં ચાલીને ઓગન ઉપર થઇને દક્ષિણા દો એક વડ હતો. ત્યાં નિત્ય શ્રી હરિ નાહવા માટે પધારતા.

શ્રી હરિ કોઇક દિવસ સંત-હરિભક્તોને સાથે લઇને રૂઘનાથજીને આરે હમીરસરોવરને વિષે સ્નાન કરવા જતા ને સરોવરને વિષે ઘણીક જળક્રિડા કરીને ભક્તોને સુખ આપતા. તો કોઇક દિવસ રા. લાખાની છત્રીયે જઇને ત્યાં સભા કરીને જ્ઞાનવાર્તા કરતા હતા.

શ્રી હરિ નિત્યે હમીર સરોવરમાં સ્નાન કરતા. કયારેક શ્રી હરિ રઘુનાથજીના આરે, પાવડીના આરે, કયારેક મુનિબાવાના બંગલાવાળા આરે તો કયારેક ઝંડાવાળે આરે, કયારેક વડવાળે આરે પધારતા. એવી રીતે સ્નાન કરતા. અને નારાયણ બાગમાં પધારતા. ત્યાં આંબલીના વૃક્ષ પાસે વેદી ઉપર બિરાજમાન થતા અને સંતો ભક્તોની સભા થતી.

એક વખત આવી સભા પ્રસંગે સભામાં બેઠેલા સુંદરજીભાઇએ મહારાજને પૂછ્યું જે, હે મહારાજ ! પરોક્ષમાં ગંગાજીનો બહુ મહિમા છે. તે તો સત્યયુગમાં વામનજીના ચરણના અંગુઠાનો સ્પર્શ થયો તેણે કરીને છે. તેમજ આ હમીર સરોવરમાં અક્ષરધામના પતિ એવા તમોએ અનંતધામના મુક્તો સાથે અનંત વાર સ્નાન કર્યું છે ને તેના જળનું પાન કર્યું છે. આ માટે હમીરસરનો કેટલો મહિમા હશે ? તે અમારે સર્વેને સાંભળવાની ઇચ્છા છે. એવી રીતે સુંદરજીભાઇએ પૂછ્યું ત્યારે શ્રીજી મહારાજે તે સર્વે સભાને સંભળાય એવી રીતની ગંભીર વાણીએ બોલ્યા જે ''હે સુંદરજીભાઇ, આ સરોવરના મહિમાનો શેષ પણ પાર પામવાને સમર્થ થાય તેમ નથી પણ કિંચિત મહિમા તમારા પાસે કહું છું.'' અને શ્રી હરિએ સ્વમુખે હમીરસરોવરનું મહિમા ગાન કરતાં જણાવ્યું કે, ''આ સરોવરને કાંઠે, મરિચિ, ગર્ગ, ગૌતમ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અત્રિ, પુલસત્ય, વિભાંડક, ચ્યવન, શૌનક, શૃંગી, ભારદ્વાજ, ભાગુરી જૈમિની, સૌભરી મૈત્રેય, શંખ, લિખિત, દેવળ, યાજ્ઞવલ્કય, વૈશંપાયન, કણાદ, કરભાજન, પાણીની, ભૃગુ, હારિત આદિક અનંત બ્રહ્મઋષિઓ નિરંતર નિવાસ કરીને રહે છે અને નવ યોગેશ્વર તથા ચાર સનકાદિક, શુકજી અને બીજા પણ કેટલાક સિદ્ધો તથા મહર્ષિઓ આ સરોવરમાં સ્નાન કરવા આવે છે. ને ઇન્દ્ર, ચંદ્ર, કુબેર, બૃહસ્પતિ, આદિક અધિપતિ દેવો પણ સરોવરમાં નિત્યે દર્શન કરવા આવે છે.

સંપાદન : સંતો (ભુજ)

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**:: પંચાહ્ન પારાયણ ::**

ભુજ મંદિરના અ.નિ. સંતોના પુણ્યસ્મરણાર્થે તથા ગામ કેરાના અ.નિ. કરસનભાઈ નાનજી હીરાણી, ધ.પ. અ.નિ. ધનબાઈ આદિ વડીલોના મોક્ષાર્થે ભુજના સંતો તથા સાં.યો. બાઈઓના આશીર્વાદથી ગામ કેરાના યજમાનશ્રી કુંવરજીભાઈ કરસન હીરાણી, ધ.પ. શાન્તાબેન તથા હીરજીભાઈ કુંવરજી હીરાણી, ધ.પ. દક્ષાબેન તથા અરવિંદભાઈ કુંવરજી હીરાણી, ધ.પ. વિમલાબેન આદિ પરિવારે તા. ૨૫-૧૨-૨૦૧૦ થી તા. ૨૯-૧૨-૨૦૧૦ સુધી પંચાહ્ન કથાપારાયણનું આયોજન કરી શ્રીહરિનો રાજીપો અને સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરી, હરિભક્ત સમાજને કથામૃતનો આસ્વાદ કરાવી તૃપ્ત કર્યા.

કથા પ્રસંગમાં સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગીજીવન, નિષ્કુળાનંદ કાવ્ય, ભક્તચિંતામણી, વચનામૃત વગેરે શાસ્ત્રોના સંહિતાપાઠ કરવામાં આવ્યાં, તથા ગામોનાં સાં.યો. બહેનોને પાંચે દિવસ પધારવા આમંત્રિત કર્યા.

કથાનો વિષય હતો વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદમુનિએ રચેલ કાવ્ય 'પુરુષોત્તમપ્રકાશ' અને વ્યાસગાદી પરથી શા. સ્વામી ગોલોકવિહારીદાસજી તથા શા. સ્વામી નારાયણમુનિ દાસજીએ 'પુરુષોત્તમપ્રકાશ' કાવ્યની કથા પોતપોતાની આગવી શૈલીમાં કહી સંભળાવી શ્રોતા સમુદાયને ભક્તિભાવથી તૃપ્ત કરી આનંદોત્સવ કર્યો.

કથાના વક્તાઓ દ્વારા ભાવાનુસારી કીર્તનોની રમઝટ, કથાની પુષ્ટિ કરતાં સુભોગ્ય દૃષ્ટાંતો અને સંગીતકાર સંતો, ગાયક કલાકાર ગવૈયા સ્વામી અક્ષરમુક્તદાસજી તથા તબલાંના ઉસ્તાદ સ્વામી નીલકંઠસ્વરૂપદાસજીના સંગીતનું કામણ વગેરેથી કથા, કથાના માણીગર ભક્ત શ્રોતાઓને ડાલાવી ગઈ.

સભાનું સંચાલન શા. સ્વામી દેવચરણ દાસજીએ સંભાળી પોતાના વક્તવ્યમાં કથાસંબંધી વિગતો સમજાવી. તેઓશ્રીની અવેજીમાં પુ. સ્વામી ઉત્તમચરણદાસજીએ સભા સંચાલનની કાર્યવાહી કરી.

સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ કથા સમાપ્તિ પ્રસંગમં ઉદ્‌બોધન દ્વારા યજમાન પરિવારે પોતાના વડીલ કરસનભાઈ નાનજી હીરાણીએ પોતાની વૃધ્ધાવસ્થામાં જરૂર પડે તો સાચવી રાખેલી સંપત્તિનો આ કથા દ્વારા કરેલ સદુપયોગની પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા હતા.

પ.પૂ. મહંતસ્વામીએ આશીર્વાદ પ્રવચનમાં યજમાન પરિવારનો પરિચય આપી રૂડા આશીર્વાદ આપ્યા હતા. નજીકના સમયમાં જ અ.નિ.સ.ગુ. સ્વામી પતિતપાવનદાસજીની સ્મૃતિમાં યોજવામાં આવેલ કથા તેમજ રાધાકૃષ્ણદેવનો શતાબ્દિ મહોત્સવ આવતા પાટોત્સવ પ્રસંગે ધામધૂમથી ઉજવાશે તેની વિગતો જણાવી હતી.

મંદિર તરફથી યજમાન પરિવારના ભાઈઓને સભામંડપમાં પ.પૂ.સ.ગુ. મહંત સ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીને હસ્તે અને

બહેનોને બહેનોના મંદિરમાં સાં.યો. બહેનોના હસ્તે પહેરામણી આપવામાં આવી હતી. યજમાન પરિવારે પોતાના સંબંધી વર્ગને પહેરામણી આપી હતી.

યજમાન પરિવાર તરફથી ભુજ મંદિરના દેવને ભેટ, ગૌશાળાને ઘાસચારા માટે ભેટ, કથાના પાંચે દિવસ દેવોને થાળ તથા વાઘા, ભુજ, અંજાર, માંડવી મંદિરોને થાળ-રસોઈ, ગુરુકુળોને રસોઈ, સંતોને ધોતીયાં, સાં.યો. બહેનોને સાડલા ઈત્યાદિ ભેટ પ્રભુ પ્રસન્નતાર્થે આપવામાં આવી હતી.

## સંતગુણાલંકૃત, તપોનિષ્ઠ, સત્સંગ સેવા સદ્વિદ્યા સાદાઈ પારાયણ : અ.નિ. સ.ગુ. પતિતપાવનદાસજીનો સ્મૃતિ કથા મહોત્સવ :

'યથા નામ તથા ગુણાઃ' ઉક્તિને સાર્થક એવું 'પતિતપાવન' નામ ધરાવતા કચ્છના સત્સંગમાં તપસ્વી જ્ઞાની સંત તરીકે ખ્યાતિ પામનાર અ.નિ. સ.ગુ. સ્વામી પતિતપાવનદાસજીની સ્મૃતિમાં, ભુજ મંદિરે શ્રી નરનારાયણદેવ ચરણ સાન્નિધ્યમાં 'શ્રી વાસુદેવ મહાત્મ્ય' ની કથાના પંચાહ્ન પારાયણનો મહોત્સવ તા. ૧૬-૧-૧૧ થી તા. ૨૦-૧-૧૧ સુધી ઉજવવામાં આવ્યો.

કથા મહોત્સવમાં ભુજ, અંજાર, માંડવી, મંદિરોના તથા ગુરુકુળોના સંતો, કચ્છના સાં.યો. બહેનો, હરિભક્ત ભાઈ-બહેનો, મંદિરના વહીવટી કાર્યકર્તા હોદ્દેદારો, કોઠારી, ઉપકોઠારી, ટ્રસ્ટીશ્રીઓ, પરદેશથી પધારેલ હરિભક્તો વગેરેએ દશ હજાર ઉપરાંતની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી અ.નિ. સંતને કૃતજ્ઞતાભરી ભાવાંજલિ અર્પણ કરી કથાના રસામૃતનું પાન કર્યું.

શણગાર સમૃધ્ધ વિશાળ મંચ ઉપર દર્શન આપતા શ્રીહરિ તથા સંતોની વચ્ચે વ્યાસગાદી પર બિરાજમાન થઈ કથાના વક્તા શા. સ્વામી ગોલોકવિહારીદાસજી તથા શા. સ્વામી નારાયણમુનિદાસજીએ પોતપોતાની સ્વતંત્ર્ય શૈલી અને છટાથી ''વાસુદેવ મહાત્મ્ય'' ની કથાનું હરિભક્તોને સરળભાષામાં રસપાન કરાવ્યું.

બાઈઓના મંદિરેથી નીકળેલી પોથીયાત્રાને બેન્ડપાર્ટી, ભીમજીભાઈ પટેલ તથા મેઘજીભાઈ પટેલ (બળદિયા) વગેરેની કીર્તન મંડળીએ આકર્ષક બનાવી. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ કથામંડપ પ્રવેશ વખતે પારાયણના દાતાઓને ફૂલહારથી સન્માન્યા.

કીર્તન સંગીતના ગાયક કલાકાર સંગીત વિશારદ સ્વામી અક્ષરમુક્તદાસજી તથા તબલાંવાદક સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી અને સ્વામી શ્રીજીસ્વરૂપ દાસજીએ સંગીતની સૂરાવલિથી કથાના દિવ્યભાવને બહેલાવ્યો.

કથાના મુખ્ય યજમાનપદે ગામ વેકરા (હાલે નૈરોબી) નિવાસી અ.નિ. દાદા કરસનભાઈ રામજી વેકરીયા, અ.નિ. દાદી કુંવરબાઈ કરસન વેકરીયા, અ.નિ. મોટાબાપા કલ્યાણ કરસન વેકરીયા, અ.નિ. ફોઈ રામબાઈ પરબત ભુડીયા, અ.નિ. ફોઈ રાધાબાઈ કલ્યાણ કેરાઈ, પિતાશ્રી લાલજી કરસન વેકરીયા, માતુશ્રી પુરબાઈ લાલજી વેકરીયા, હ. પુત્ર ગોપાલભાઈ લાલજી વેકરીયા, રવજીભાઈ લાલજી વેકરીયા, લખમણભાઈ લાલજી વેકરીયા, ખીમજીભાઈ કલ્યાણ વેકરીયા સહપરિવાર રહ્યા હતા.

તા. ૧૮-૧-૧૧ ના કથા પ્રસંગમાં પુ. સ્વામી ઉત્તમચરણદાસજીએ ઉદ્‌બોધન કરી અ.નિ. સ્વામીજીના પ્રેરક પ્રસંગો સાથે સાધુગુણોને યાદ કરી અંજલિ આપી.

તા. ૧૮-૧-૧૧ તથા ૧૯-૧-૧૧ ના યજમાન હરિભક્તોને કોઠારી સ્વામી માધવપ્રસાદદાસજી તથા કો. સ્વામી

શાન્તિસ્વરૂપદાસજીના આયોજન પ્રમાણે પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના હસ્તે પુષ્પ-માળાથી પહેરાવી પહેરામણી ભેટ આપવામાં આવી. આ પ્રસંગે સ્વામી અક્ષરમુક્તદાસજી તથા સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી સહભાગી બન્યા હતા.

તા. ૧૯-૧-૧૧, સવારના ભાગની કથામાં પ.પૂ. મહંત સ.ગુ. સ્વામીએ ઉદ્‌બોધન કરતાં યજમાન પરિવારને ધન્યવાદ સાથે આશીર્વાદ આપ્યા તથા પૂ. પતિતપાવનદાસજી જેવા પવિત્ર સંતો શ્રી નરનારાયણદેવની કૃપાથી સત્સંગને મળતા રહે તેવી ભાવના વ્યક્ત કરી.

કોઠારી શ્રી રવજીભાઈ, ટ્રસ્ટી શ્રી મુરજીભાઈ, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પ.પૂ. કો. પાર્ષદ જાદવજી ભગત આદિએ અ.નિ. સ્વામીના સત્સંગ સેવાના ગુણોનાં સ્મરણો તાજાં કર્યા હતાં.

તા. ૧૯-૧-૧૧ ના બપોરે ૨:૩૦ વાગતાં ઠાકોરજીની શોભાયાત્રા ભારે ધામધૂમ સાથે સુવર્ણ પાલખીમાં દબદબાપૂર્વક (પારેશ્વર ચોક) પ્રસાદીના મંદિરેથી નીકળી હતી. તેમાં યજમાનો, સંતો તથા હરિભક્તો, કીર્તનકારો વગેરે વિશાળ સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રા શ્રી સ્વામિનારાયણ મંદિરે આવી પહોંચતાં ધ્વજધારી યુવકોએ બેન્ડપાર્ટીની સુરાવલિ સાથે વધાવી લીધી હતી. સાંજે મહાઆરતીનો કાર્યક્રમ યોજતાં મંદિરે દિવ્ય શોભા ધારણ કરી હતી.

તા. ૨૦-૧-૧૧ ના કથા સમાપ્તિના અવસરે પ.પૂ. પતિતપાવનદાસજીના મુખ્ય શિષ્ય હરિવલ્લભદાસજીએ સ્વામીશ્રીના સ્મરણો સાથે પોતાના અનુભવો રજુ કર્યા હતા. ત્યારપછી સમાપ્તિની આરતી અને વિદ્યાર્થી સંગીતકાર સંતોએ સંગીતમય ધુન સાથે, સ્વામી નિર્ભયચરણદાસજી અને સ્વામી ભજનપ્રકાશદાસજીએ છંદની રમઝટ મચાવી હતી તથા સ્વામી કપિલમુનિદાસજીએ તબલાંની સંગત કરી સૌને ખુશ કરી દીધા.

સભાનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશ દાસજીએ કર્યું. તેઓશ્રીએ દરરોજની કથા પર વિવેચન કરી મંતવ્ય આપ્યુ. કાર્યક્રમની વિગતો રજુ કરી સંબધ્ધ એવા અન્ય વિષયોની માહિતી પણ આપી. તે સાથે અ.નિ. સ્વામીશ્રીના સાધુગુણો અને પ્રસંગોની વિગતો સમાવિષ્ટ કરી. પ્રસાદ વિતરણ અને મહાપ્રસાદરૂપ ભોજન સાથે ઉત્સવ સમાપ્ત થયો હતો.

## :: કચ્છના સાં.યો. બહેનોના મહંતપદે સાં.યો. સામબાઈ અરજણ હીરાણી (મિરઝાપુર) ની વરણી ::

શ્રી સ્વામિનારાયણ સત્સંગ કચ્છના સાં.યો. બહેનોના મહંત ધનબાઈ ફઈના અક્ષરવાસ થવાથી મિરઝાપુરના બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સાં.યો. સામબાઈ અરજણ હીરાણીને કચ્છના સાં.યો. બહેનોના મહંતપદે વિભૂષિત કરવામાં આવ્યાં.

ભુજ મંદિરના પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ તા. ૧૯-૧-૧૧ ના સવારે કરેલી આ જાહેરાતને સભામાં ઉપસ્થિત કચ્છનાં મંદિરોના સંતો, ગુરુકુળોના સંતો, સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનો મંદિરના કોઠારી, ઉપકોઠારી, ટ્રસ્ટીશ્રીઓ વગેરે કાર્યકર્તા હોદ્દેદારો, સમાજના અગ્રણી કાર્યકર્તા અને ગામગામના તથા દેશના તેમજ પરદેશના મળીને દશહજાર ઉપરાંત હરિભક્તોએ ખુશીની લહેર સાથે તાળીઓના ગડગડાટથી વધાવી લઈને આનંદ પ્રદર્શિત કર્યો હતો.

સાં.યો. બાઈઓનાં મહંત તરીકે વરણી પામેલ ૫૮ વર્ષીય સામબાઈ કેન્યામાં મેટ્રીક્યુલેશન સુધીનો અભ્યાસ કર્યા પછી દીક્ષા સ્વીકારીને ૪૨ વર્ષથી શ્રી સ્વામિનારાયણ સત્સંગમાં વિશેષ કરીને સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનોને સેવા દ્વારા ધર્મમાં પ્રવૃત્ત રાખી સત્સંગનો વ્યાપ વધારી રહ્યાં છે. હાલમાં તે મિરઝાપુર બહેનોના મંદિરમાં તેમના

અંદાજે ૧૦૦ વર્ષની વયનાં ગુરુ દેવબાઈ કરસન હીરાણી સાથે રહી મંદિરના મહંતપદે સેવા આપી રહ્યા હતાં. સાં.યો. બહેનોને ધાર્મિક શાસ્ત્રોનું શિક્ષણ આપતાં તેમણે ધાર્મિક સાહિત્યનું સર્જન પણ કર્યું છે. જેમાં જનમંગલ નામાવલિ કથાસાર, નિષ્કુળાનંદ કાવ્યના પાંચ ભાગ ઉપરાંત બે અંગ્રેજી પુસ્તકોનો સમાવેશ થાય છે. તેઓશ્રી ગુજરાતી ઉપરાંત સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, માગધી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ ધરાવે છે. મિરઝાપર મંદિરમાં તેઓશ્રી બહેનો માટે સંસ્કૃત પાઠશાળા ચલાવતાં હતાં. તેઓ દૃઢ બ્રહ્મચર્યવ્રતી હોવા સાથે સાધ્વી ગુણોને શોભાવે છે.

પૂ. સામબાઈ ફઈની કરવામાં આવેલી વરણીની પ્રક્રિયાને સમજાવતાં પ.પૂ. મહંત સ્વામીએ જણાવ્યું કે આ મહંતપદ માટે સાં.યો. બહેનની પસંદગી કરી વરણી કરવા માટે વડીલ સંતો, કમિટીના સભ્યો, અગ્રણી કાર્યકર્તા હરિભક્તોએ સાથે મળી વિચારણા કરી છે અને આ નિર્ણય આપણી પરંપરા મુજબ થયો છે. જેથી આખાય સત્સંગને રાખવાનો રહેશે. ત્યારબાદ પૂ. મહંતસ્વામીએ પૂ. સામબાઈ બહેન માટે મહંતપદનો ફૂલહાર, સાડલો તથા વિશેષ ફુલહારોની છાબ મંદિરના કોઠારી રવજીભાઈ માવજી ભુડીયાને સોંપી હતી. શ્રી રવજીભાઈ સાથે અર્જુનભાઈ હરજી દુબાસીયા, પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી, ખીમજીભાઈ હરજી હાલાઈ, મુરજીભાઈ કરસન શીયાણી, સામજીભાઈ નારાણ છાંગા, પુરુષોત્તમભાઈ પટેલ (નડીઆદ) વગેરે કાર્યકર્તા અગ્રણીઓ શ્રી નરનારાયણદેવ સમક્ષ કોડીમાં ગયા હતા. ત્યાં કોડી આગળ અલગ વિભાગમાં કચ્છના સાં.યો. બહેનોની સભા ભરાઈ હતી. તેમાં રવજીભાઈએ પ્રસાદીની છાબ બહોને સાદર અરપણ તરી હતી. તે પ્રસાદીપુષ્પમાળા પૂ. સાં.યો. નીતાબહેને કચ્છના સાં.યો. બહેનોના મહંત સામબાઈ બહેનને પ્રસાદીનો હાર પહેરાવ્યો હતો તથા સાડલો અર્પણ કર્યો હતો. તેમજ ગુરુ સાં.યો. દેવબાઈ ફોઈને પણ હાર પહેરાવ્યો હતો. તેમત જુદા જુદા ગામનાં સાં.યો. બહેનોએ પણ ફુલહાર પહેરાવીને ફઈબાનું બહુમાન કર્યું હતું. આ પ્રસંગે વાતાવરણ ખુશી આનંદથી ઝૂમી ઊઠ્યું હતું. સાં.યો. મહંતપદની વરણીને સાં.યો. તથા ક.યો. બહેનોએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

પૂ. સામબાઈ ફઈની કચ્છના સાં.યો. મહંત તરીકેની વરણીને કચ્છથી, દેશભરમાં તથા પરદેશમાં યુ.કે., કેન્યા, ઓસ્ટ્રેલિયા વિગેરે દેશોમાં સર્વત્ર આવકાર સાથે ખુશીનું વાતાવરણ સર્જાયું હતું. ભુજ સભામાં કોઠારી રવજીભાઈ ભુડિયા, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કો. પાર્ષદ જાદવજી ભગત વગેરે સંતોએ પણ પૂ. સામબાઈ બહેનમાં રહેલી સત્સંગ સેવાની ભાવના તથા કરેલી સેવાને બિરદાવી હતી.

પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ સાં.યો. મહંત સામબાઈ ફઈને અ.નિ. સાં.યો. ધનબાઈ ફઈની જેમ સત્સંગમાં હરિભક્તોની કથાવાર્તારૂપ સેવા કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે ઉદ્‌બોધન સમાપ્ત કર્યું હતું.

### :: ભુજ મંદિરની નવી કમિટી ::

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના નવા નિમાયેલા કાર્યકર્તાઓની કમિટીના હોદ્દેદારોની જાહેરાત પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ તા. ૧૯-૧-૧૧ની સવારે કચ્છના મંદિરોના તથા ગુરુકુળોના સંતો, સાં.યો. બહેનો વિસર્જિત કમિટીના કાર્યકર્તા સભ્યો, કચ્છના ગામગામના તથા દેશ-પરદેશના મળીને દશહજાર કરતાં વિશેષ હરિભક્તો સમક્ષ કરી હતી.

નવી કમિટીના સભ્યોની નામાવલિ નીચે પ્રમાણે છે.

સ.ગુ. મહંત સ્વામી પુ. ધર્મનંદનદાસજી (મહંત)-, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (ટ્રસ્ટી), કો. પાર્ષદ જાદવજી ભગત (કોઠારી), સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી (ટ્રસ્ટી), સ.ગુ.પુ. સ્વામી

શ્રીહરિદાસજી (ટ્રસ્ટી), સ.ગુ. સ્વામી હરિબળદાસજી (ટ્રસ્ટી), પુ. સ્વામી ભગવદ્જીવનદાસજી (ટ્રસ્ટી), સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી (ટ્રસ્ટી), શા. સ્વામી હરિવલ્લભદાસજી (ટ્રસ્ટી), પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (ટ્રસ્ટી), પુ. સ્વામી ધર્મચરણદાસજી (ટ્રસ્ટી), પ.ભ. રવજીભાઈ માવજી ભુડિયા (મુખ્ય કોઠારી)-માધાપર, પ.ભ. અર્જુનભાઈ હરજી દુબાસીયા (ઉપકોઠારી)-માનકુવા, પ.ભ. પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી (ટ્રસ્ટી)-બળદિયા, પ.ભ. ખીમજીભાઈ હરજી હાલાઈ (ટ્રસ્ટી)-ભુજ, પ.ભ. મુરજીભાઈ કરસન શીયાણી (ટ્રસ્ટી)-ભુજ, પ.ભ. કુંવરજીભાઈ ભીમજી ખેતાણી (ટ્રસ્ટી)-સુખપર, પ.ભ. રાજેન્દ્રભાઈ નટવરલાલ દવે (ટ્રસ્ટી)-ભુજ, પ.ભ. સામજીભાઈ નારાણ છાંગા (ટ્રસ્ટી)-હીરાપર, પ.ભ. લાલજીભાઈ મનજી ગાજીપરા (ટ્રસ્ટી)-માંડવી, પ.ભ. રત્નાભાઈ દેવશી કેરાઈ (ટ્રસ્ટી)-નારાણપર, પ.ભ. ખીમજીભાઈ રામજી ભુડીયા (ટ્રસ્ટી)-દહીંસરા, પ.ભ. બાબુલાલભાઈ રતનશી (ટ્રસ્ટી)-ભચાઉ નવાગામ, પ.ભ. ગોપાલભાઈ માવજી સાંખલા (ટ્રસ્ટી)-નેત્રા, પ.ભ. ધીરજભાઈ ચત્રભુજ ઠક્કર (ટ્રસ્ટી)-ભુજ, પ.ભ. શશીકાન્તભાઈ ગૌરીશંકર ઠક્કર (ટ્રસ્ટી)-ભુજ.

નવી કમિટીમાં પોતાની કોઠારી તરીકે કરવામાં આવેલી પસંદગી અંગે પ.ભ. રવજીભાઈ માવજી ભુડિયાએ જણાવ્યું કે સંતોએ કોઠારી તરીકે મારું નામ લખ્યું. અ.નિ. મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજીના આશીર્વાદ સાથે ટ્રસ્ટીપદે ૩૯ વર્ષ અને ઉપકોઠારી તરીકે પ્રેમજીભાઈ રાઘવાણી સાથે રહી સાડાચાર વર્ષ સેવા આપ્યા પછી હવે ૭૨ વર્ષની ઉંમર થતાં શારીરિક નબળાઈ અનુભવું છું. સંસ્થાનું કામ સરળ નથી પરંતુ મને ખૂબ પ્રેમ મળ્યો છે અને શ્રી નરનારાયણદેવને ન મૂકવાની ભલામણ મેં સ્વીકારી છે તે પ્રમાણે સેવા કરવાની ખાત્રી આપું છું.

જૂની કમિટીના સભ્યોને પ.પૂ. મહંતસ્વામીને હસ્તે ફૂલહાર પહેરાવી વિદાય સન્માન આપવામાં આવ્યું હતું તેમજ નવી કમિટીના સભ્યોનું ફૂલહારથી આવકાર સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત કથાસભામાં ઉપસ્થિત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગા તથા અરવિંદભાઈ પિંડોરીયા, આચાર્ય શ્રી મગનભાઈ સુથાર આદિ મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## :: ચમક-ઝમક ::

❖ તા. ૨-૦૧-૧૧ ના સાંજે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજે સર્વમંગલ સ્તોત્રના ભગવાનના ૧૦૦૦ નામોથી તુલસીપૂજનનું આયોજન કર્યું. પ.પૂ. મહંત સ્વામી તથા પ.પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પૂજનપૂર્વક ભગવાનને તુલસીપત્ર ચડાવ્યાં. હરિભક્તોએ દર્શનનો લાભ લીધો.

❖ તા. ૧૪-૧-૨૦૧૧ ના સાંજે ૬-૪૫ (મુંબઈ) સમયે સૂર્ય ભગવાને મકર રાશીમાં પ્રવેશ કરતાં મકરસંક્રાન્તિ થઈ. પુણ્યકાળ તા. ૧૫-૧-૧૧ સાંજ સુધી રહ્યો. ભાવિકજનોએ ગાયોને ઘાસચારો, ગરીબોને અન્નવસ્ત્ર દાન તથા ભોજન કરાવી પરોપકારી કાર્યો કર્યા. મંદિરમાં પ્રસાદ વિતરણ સાથે ધુનની સમાપ્તિ થઈ.

❖ તા. ૧૬-૧-૧૧ ના સવારે ૮:૩૦ ના સમયે શ્રી નરનારાયણદેવના દર્શન કરી પૂ. સ્વામી જ્ઞાનસ્વારૂપદાસજી, પુરાણી સ્વામી સર્યૂદાસજી તથા પૂ. સ્વામી અક્ષરવિહારીદાસજી એ આદિ સંતો હરિભક્તો સહિત ૧૮ નો સંઘ બેન્ડપાર્ટીના સૂરગુંજન સાથે સંપ્રદાયના ૬ ધામની પદયાત્રાએ પ્રયાણ કર્યું. સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ પદયાત્રિકોને ફૂલહાર પહેરાવી વિદાય સન્માન કર્યું.

❖ તા. ૧૪-૧-૨૦૧૧ ના હાસ્ય સમ્રાટ ટી.વી. કલાકાર શ્રી રાજુ શ્રીવાસ્તવ ભુજ મંદિરે દર્શનાર્થે આવ્યા. તેમણે ખાસ સમય લઈ પ.પૂ. મહંતસ્વામીના દર્શન કર્યા. પોતે નરનારાયણદેવ આદિ દેવોના

દર્શનથી આનંદમગ્ન અને શિલ્પકલાથી પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું. પૂ. મહંત સ્વામીએ તેમને પ્રસાદ આશીર્વાદ આપ્યા.

❖ તા. ૧૬-૧-૧૧ ના રાત્રે સંગીત જુગલબંધીના કાર્યક્રમમાં સહજાનંદી કીર્તન સંગીતના આકાશમાં ચમકતા વિદ્યાર્થી સંત સિતારાઓએ પોતાની સંગીતકલાની રોશનીના ઝબકારા પ્રદર્શિત કરી સૌને આનંદ આપ્યો. કાર્યક્રમમાં સ્વામી નિર્ભયચરણ દાસજી અને સ્વામી ભજનપ્રકાશદાસજીએ કીર્તન ગાયન, સ્વામી દેવનંદનદાસજીએ 'ઓક્ટોપેડ' વાદ્ય, સ્વામી કપિલમુનિએ ઢોલક, સ્વામી આનંદવલ્લભ દાસજીએ હાસ્ય અને મંજીરા, સ્વામી શૌનકમુનિ દાસજીએ જ્ઞાનગમ્મત અને સ્વામી ભક્તિવેદાંત દાસજીએ મંજીરા એમ વિદ્યાર્થી સંતોએ પોતાની કલાથી શ્રોતાઓને મુગ્ધ કર્યા.

- અહેવાલ : ઓ. વ્યાસ

## ભુજ : પ્રબોધીની એકાદશી જાગરણ

પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ સંકલ્પને સાકાર બનાવવા તા. ૧૭-૧૧-૨૦૧૦, બુધવાર, કાર્તિક સુદ ૧૧ના દિવસે ભુજ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પ્રથમ પ્રબોધીની એકાદશીનું જાગરણ બહેનોના મંદિરમાં પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાના સાંનિધ્યમાં કચ્છના તમામ સાં.યો. બહેનો તેમજ કર્મયોગી સત્સંગી બહેનોએ ખૂબ ઉત્સાહથી લાભ લીધો હતો.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમના જ સંકલ્પને સાકાર કરવા કેરાના સાં.યો. નાનબાઈએ જાગરણનું સમગ્ર કાર્ય પોતાના હાથમાં ઉઠાવીને બહેનોએ ભુજ મંદિરના મહંત પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી તેમજ સાં.યો. બાઈઓના ગુરુ મહંત સાં.યો. ધનબાઈ કારાની આજ્ઞા અને આશીર્વાદથી ચાતુર્માસની સમગ્ર એકાદશીના જાગરણનું કળશ ચઢાવવા માટે પ્રબોધીની એકાદશીનું જાગરણ ખૂબ ઉત્સાહથી કર્યું અને કરાવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો અજોડ સંકલ્પ ''ભુજ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિરમાં પ્રથમ પ્રબોધીની એકાદશી જાગરણ અમદાવાદ કાલુપુર મંદિરના સત્સંગી બહેનોની સાથે ભુજમાં પ.પૂ. ગાદીવાળાની સાથે કરવું'' આવા શુભ સંકલ્પને લઈને અમદાવાદ કાલુપુર મંદિરના સત્સંગીઓ લગભગ ૨૦૦ ની સંખ્યામાં પેદલયાત્રા કરીને જાગરણમાં હાજરી આપી હતી. પ્રબોધીની જાગર ઉત્સવનું ઘરેણું પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળા રહ્યા હતા. ભુજ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિરમાં રાત્રે ૮:૩૦ થી પરોઢે ૩:૦૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું. પ.પૂ. મોટા ગાદીવાળા તેમજ મહંત સાં.યો. ધનબાઈ કારાના હસ્તે દીપ પ્રાગટ્ય થયા બાદ અંજારના ત્રિવેણી બાઈએ પ્રબોધી એકાદશી સહિત જાગરણનો મહિમા કહ્યો હતો. પછીથી સાં.યો. નીતાબાઈ-ભુજ સંગીતના સથવારે એકાદશી જાગરણના કીર્તનોમાં સૌને મૂર્તિમાં મગ્ન કરી દીધા હતા. સાં.યો. નાનબાઈ - માનકુવાએ ભુજ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનો મહિમા કહ્યો. મધ્યરાત્રિએ સાં.યો. અનિતાબાઈ-ભુજએ ગમ્મત સાથે જ્ઞાન પીરસી સૌને ખૂબ આનંદિત કર્યા હતા. કીર્તનો અને ધૂનની સાથે છેલ્લે પ.પૂ. મોટા ગાદીવાળાએ શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન થઈને રહેજો તો જ સુખી થશો એવી કેટલીક ટકોર કરી, ને મેં આ પહેલીવાર આખી રાતનું જાગરણ કર્યું છે એવો આનંદ વ્યક્ત કરી સૌને ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રબોધીની એકાદશી જાગરણમાં ઉપસ્થિત રહેનાર તમામ સત્સંગી બહેનોને કેરાના ઘનશ્યામ મંડળના બહેનો તરફથી ભુજથી બહાર પડેલી નવી એકાદશી જાગરણની પુસ્તિકા ભેટ આપવામાં આવી હતી. જાગરણમાં ભુજના ૭૦, સુખપર (જુ.વા.) ના ૫૦, મદનપુરના ૪૦, માનકુવાના ૫૦, સામત્રાના

૭૦, કેરાના ૨૦૦, કુંદનપરના ૬૫, નારાણપર (ની.વા.) ના ૨૫૦, નારાણપર (ઉ.વા.) ના ૮૦, સુરજપરના ૨૦, મેઘપરના ૬૦, બળદિયા (ની.વા.) ના ૫૦, બળદિયા ઉ.વા. ના ૬૦, ભવાનીપુરના ૧૦૦, ફોટડીના ૧૦૦, ભારાસરના ૭૦, ભક્તિનગરના ૨૦૦, રામપર (જુ.વા.) ના ૪૫, રામપર (ન.વા.) ના ૬૬, સરલીના ૪૫, વેકરાના ૫૫, દુધઈના ૨૦ આ પ્રમાણે મોટી સંખ્યામાં સત્સંગી બહેનોએ લાભ લીધો હતો.

- અહેવાલ : યુવતી મંડળ - કેરા

# સત્સંગ સમાચાર

## માધાપર : પંચાહ્ન પારાયણ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર શ્રી સ્વામિનારાયણના બન્ને મંદિરોમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૧૫-૧૨-૨૦૧૦, બુધવાર થી તા. ૧૯-૧૨-૨૦૧૦, રવિવાર સુધી રાખવામાં આવેલ કથા પારાયણના યજમાનપદે અ.નિ. પ્રેમબાઈ લક્ષ્મણ કાનજી ગોરસીયાના મોક્ષાર્થે એમની પુણ્યસ્મૃતિમાં, પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ કાનજી ગોરસીયા, ધ.પ. રામબાઈ સહપરિવારે લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે પુ. સ્વામી ધર્મવિહારીદાસજીએ સુમધુર વાણીથી શ્રીમદ્ ભાગવત (દશમ સ્કંધ) શ્રીકૃષ્ણ પરમાત્માની દિવ્ય મંગલ લીલાચરિત્રોનું અમૃતરસપાન કરાવી ભક્તજનોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના વડીલ સંત સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા પુ. સ્વામી કેશવપ્રિયદાસજી આદિ સંતમંડળના પૂર્ણ સહકાર સાથે કથાના પાંચે દિવસ મંગલ પ્રસંગો પ્રેમપૂર્વક ભાવથી ઉજવવામાં આવેલ.

ચોથા દિવસે બપોર પછીના ભાગમાં ભુજથી પણ સ.ગુ.પુ. ધર્મપ્રસાદદાસજી મંડળના મહંત તથા સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા અને કથા પ્રસંગે યજમાનશ્રી તથા ગામના હરિભક્તોને દર્શનનો તથા આશીર્વચનનો લાભ આપેલ હતો.

આ કથાના બીજા દિવસે રાત્રે ૮:૩૦ વાગ્યે બન્ને મંદિરમાં કથાના યજમાન પરિવાર તરફથી રાસોત્સવનું આયોજન સંતોની હાજરીમાં કીર્તનની રમઝટ સાથે કરવામાં આવેલ. ત્રીજા દિવસે પણ એકબીજા યજમાનશ્રીના આમંત્રણને માન આપી રાત્રે એમની વાડી મધ્યે બંગલે ઠાકોરજીની બેન્ડપાર્ટી સહિત પધરામણી કરવામાં આવેલ અને છેલ્લે પાંચમા દિવસે કથાના યજમાન પરિવાર તરફથી એક ટાઈમ સાંજે ભોજનપ્રસાદનું આયોજન પણ રાખવામાં આવેલ.

સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી વાજતે-ગાજતે છાબની ભેટ લઈ આવવામાં આવેલ અને વડીલ સંતોએ યજમાન પરિવાર તથા ગામના સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કરેલ. છેલ્લે ઉત્થાનવિધિ, પૂજનવિધિ પહેરામણીવિધિ વક્તાનું પૂજન વગેરે કરી સમાપ્તિની આરતી કરી કીર્તન ધુન્ય સાથે સંપૂર્ણ ઉત્સવની સમાપ્તિ કરવામાં આવેલ.

- અહેવાલ : અરજણભાઈ (મંત્રી)

## નાગપુર : સંતોની પધરામણી

અનેક તીર્થોને પાવન કરતાં-કરતાં ભુજ નગરથી સંતો પુ. સ્વામી શાન્તિપ્રિયદાસજી, શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી અદ્‌ભુતચરણ દાસજી, સ્વામી ઘનશ્યામવિહારી દાસજી, સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી અને સચીન ભગત વ્હાલા સંતો તા. ૮-૧૨-૨૦૧૦ ના વહેલી સવારે નાગપુર ખાતે પધારીને સવાર-સાંજ નિત્ય કથા-વાર્તાઓ કરી ખૂબજ આનંદ-આનંદથી સત્સંગમાં તરબોળ કરી દીધા. ઘેર-ઘેર પધારીને ભક્તોને ખૂબ રાજી કર્યા હતા. શનિવારના સંતો સાથે રાસ લીધો હતો અને પંચાળાના દર્શન કરાવ્યાં. રવિવારનો દિવસ જાણે ભક્તિમય બની ગયો. છુટીનો દિવસ સંતો સાથે વિતાવ્યો. રાત્રે શાકઉત્સવ કરી લોયાની લીલા વર્ણવી અને દર્શનની ઝાંકી કરાવી ઉત્સવ અનેરો બની દૂર-દૂરના ભક્તો પધારી ઘણા ભક્તોએ દર્શનનો લાભ લીધો. ભક્તોને આનંદ આપી તા. ૧૩-૧૨-૧૦ ની વહેલી સવારે સંતોએ વિદાય લીધી.

- અહેવાલ :મોહનભાઈ ચૌહાણ (નાગપુર)

## અંજાર : ધનુર્માસ નિમિત્તે ધુન

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી તથા અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. શા. સ્વામી શ્રીરંગદાસજીની સ્મૃતિમાં અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજીની આજ્ઞાથી તથા કો. શા. સ્વામી નારાયણમુનિ દાસજીની પ્રેરણાથી અંજાર મધ્યે શ્રી ઘનશ્યામ મહારાજની માસિક ધુનનું તા. ૧૭-૧૨-૨૦૧૦ થી ૧૪-૧-૨૦૧૧ સુધી સવારે ૬:૦૦ થી ૭:૦૦ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

એક દિવસ તથા સમગ્ર માસ માટે ઘણા હરિભક્તો યજમાનપદે રહી પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતાર્થે શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં મંદિરમાં ધનુર્માસ નિમિત્તે ધુનનું આયોજન કરેલ છે. જેની શુભ શરૂઆત તા. ૧૭-૧૨-૨૦૧૦ ના સવારના શણગાર આરતી બાદ છ ને ટકોરે મહંતસ્વામીના વરદ્‌હસ્તે દિપ પ્રાગટ્ય કરી સંગીતના સથવારે થયેલ. અને ઉદારતાથી પ્રસંગ ઉજવાઈ રહ્યો. આ સમયે હરિભક્તોની સભામાં વાતાવરણ ભક્તિસરથી ભરપુર બનાવેલ.

મહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજીએ સભામાં પ્રવચનો કરેલા. સભા આયોજન તથા સંચાલન કો. શા. સ્વામી નારાયણમુનિદાસજીએ કર્યું હતું.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર (અંજાર)

## શ્રી સ્વામિ. વિદ્યાલય-માંડવીની કૃતિ

જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર પ્રેરિત અને સાયન્સ સીટી-અમદાવાદ આયોજિત રાજ્યકક્ષાના વિજ્ઞાન પ્રદર્શન વર્ષ-૨૦૧૦-૧૧ માં શાળાની કૃતિ રીવર્સ ઈલેકટ્રોડાયાલિસિસ વિભાગ-૩ માં નિર્ણાયકશ્રીઓનું ધ્યાન ખેંચવામાં સફળ રહી હતી.

અત્યારે વિદ્યુત ઉર્જાની માંગ ઝડપથી વધી રહી છે એન વધારે વિદ્યુતઉર્જા મેળવવા માટે વધારે કોલસો બાળીને વિદ્યુત ઉર્જા મેળવવામાં પ્રદુષણનું પ્રમાણ વધતું જાય છે. આ પ્રશ્ન હલ કરવા માટે આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

જ્યાં દરિયાનું પાણી અને સમુદ્રનું પાણી ભેગાં થાય ત્યાં સાન્દ્રતાના તફાવત ઉત્પન્ન થાય છે તેનો ઉપયોગ કરીને વિદ્યુતઉર્જા મેળવી શકાય છે.

આ પ્લાન્ટનો મોટો ફાયદો એ છે કે તે બિનપ્રણાલિગત સ્ત્રોત જેવા કે સૌરકોષ, પવનચક્કી વગેરે કરતાં તેનો ખર્ચ ઓછો છે અને વિદ્યુત ઉર્જા પણ તેના કરતાં ત્રણ ગણી વધારે આપે છે.

આ અગાઉ વર્ષ-૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં શાળાની કૃતિ રાજ્યકક્ષાએ ભાગ લઈ ચૂકી છે. વર્ષ ૨૦૦૮-૦૯ માં શાળાની કૃતિ નેશનલ કક્ષાના સાયન્સફેર માટે પણ પસંદગી પામી હતી.

સદરકૃતિના માર્ગદર્શક શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી રાવલ ચિરાગકુમારને શાળાના આચાર્ય શ્રી મદનસિંહ ચાવડા તથા સંસ્થાના પ્રમુખ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજીએ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કૃતિ સાથે સંકળાયેલા બે બાળ વૈજ્ઞાનિકો, ગોરસીયા ભાવેશ જયંતિલાલ અને ખેતાણી જયેશ કરસનભાઈને પણ અભિનંદન આપ્યા હતા.

- અહેવાલ : આચાર્યશ્રી

## રાયપુર : પાંચમો વાર્ષિક પાટોત્સવ

છત્તીશગઢ રાયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પંચમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કચ્છ-ભુજના સંતો પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી આદિ સંતો ભારતભરની તીર્થયાત્રા કરતા રાયપુર પધાર્યા હતા.

તા. ૧૯-૧૨-૨૦૧૦ ના રોજ પાટોત્સવ પ્રસંગે મંદિરમાં ભક્તિસંગીતના કાર્યક્રમમાં ઢોલકવાદક દિવ્યમુનિદાસજીએ રેલાવેલ ઢોલકસુરના સથવારે ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીએ પોતાના કોકીલ મધુરકંઠે કીર્તનો ગાઈ સભાને દિવ્ય આનંદસાગરમાં ગરકાવ કરી દીધી.

ભક્તિસંગીતનો કાર્યક્રમ પૂર્ણ થતાં વેદોક્તમંત્ર દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજનો ષોડષોપચારે મહાઅભિષેક કરવામાં આવ્યો.

રાયપુરના તેમજ આજુબાજુના ગામોમાં રહેતા આબાલવૃધ્ધ નરનારીઓએ દિવ્ય અભિષેકનો લાભ લીધા પછી ઠાકોરજીની આગળ જુદા-જુદા પકવાનો અને વ્યંજનનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો.

આ પંચમ વાર્ષિક પાટોત્સવ અને મહાપ્રસાદના મુખ્ય યજમાનપદે પ.ભ. ભગવાનલાલભાઈ ચાવડાના સુપુત્ર સુરેશભાઈ તથા રાજેશભાઈ રહ્યા હતા.

અંતમાં પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી તથા સ્વામી વિશ્વવલ્લભદાસજીએ યજમાનશ્રીઓને તથા સભાસ્થ સર્વે ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે મંદિરના અધ્યક્ષ શ્રી જગદિશભાઈ પટેલ તથા શ્રી રાજેશભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

૩ દિવસ સુધી સંતોએ ખૂબ કથા-વાર્તાનો લાભ આપી તા. ૨૦-૧૨-૨૦૧૦ ના સવારે ૧૦:૦૦ વાગ્યે બિલાસપુર જવા વિદાય થયા.

## રામપર : ગુરુકુળ ટીમ ચેમ્પીયન

શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી રામપર વેકરા (તા. માંડવી-કચ્છ) ખાતે તા. ૧૪-૦૧-૨૦૧૧ ના રોજ કિંગ્સ સુપર સિક્સ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુકુલ ગંગા, ગુરુકુલ યમુના, ગુરુકુલ સરસ્વતી, કિંગ્સ કિચન ભુજ (રામપર), મેસન (રામપર), ઘનશ્યામ (રામપર), ડિઝાસ્ટર (રામપર), અજોર (રામપર), બાલ ઘનશ્યામ (વેકરા) યંગ ફાઈટર (વાડાસર), બોય ફાઈટર (વાડાસર) અને લેવા પટેલ (સરલી) એમ બાર ટીમોએ ભાગ લીધો હતો.

સંસ્થાના સંચાલક શા. સ્વામી શ્રી દેવચરણદાસજી તથા પુરાણી સ્વામી શ્રી ભક્તિવિહારીદાસજી, ટ્રોફી સ્પોન્સર કિંગ્સ કિચન એન્ડ તથા પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, ટ્રોફી

સ્પોન્સર કિંગ્સ કિચન એન્ડ હોમ ઈન્ટેરીયર્સ (ભુજ) ના ગોવિંદભાઈ ધનજી રાબડીયા તથા મુકેશભાઈ દેવજી વેકરીયા તેમજ સ્ટાફ મિત્રો, સર્વે ટીમના કેપ્ટનો તથા મહેમાનોની ઉપસ્થિતિમાં ટીમોનો ડ્રો કરવામાં આવ્યો હતો. સુપર સિક્સ ક્રિકેટ સ્પર્ધામાં દરેક ટીમે પોતાનો ખૂબ સારો દેખાવ કર્યો હતો. સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં ગુરુકુલ ગંગાની ટીમ અને યંગ ફાઈટર વાડાસરની ટીમ વચ્ચે ખૂબ જ રોમાંચક અને દિલધડક ખેલ જામ્યો હતો. અંતમાં ગુરુકુલ ગંગા ટીમનો ભવ્ય વિજય થયો હતો. સંતો, સ્પોન્સરો અને મહેમાનોના વરદ્ હસ્તે ગુરુકુલ ગંગા ટીમ વતી ટીમના કેપ્ટન સોઢા ચંદ્રરાજસિંહ હેમુભાને વિનરની ટ્રોફી આપવામાં આવી હતી. જ્યારે રનર્સઅપની ટ્રોફી યંગ ફાઈટર વાડાસરની ટીમના કેપ્ટનને આપવામાં આવી હતી. મેન ઓફ ધ મેચની ટ્રોફી રાબડીયા પિયુષ શિવજીભાઈ (વાડાસર) ને આપવામાં આવી હતી. કોમેન્ટ્રી બોક્ષમાં કોમેન્ટેટર તરીકે વિપેશ વેકરીયા તથા સ્કોરર તરીકે નિલેશ હુંબલે સેવા આપી હતી.

અંતમાં કિંગ્સ કિચન એન્ડ હોમ ઈન્ટેરીયરના ડાયરેકટર શ્રી ગોવિંદભાઈ રાબડીયાએ સૌનો આભાર માન્યો હતો.

## વાગડ : ધનુર્માસ નિમિત્તે ધુન

શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર, સેલારી, ઉમૈયા, કલ્યાણપર, નવાપરા, પલાંસવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-રાપર મધ્યે ધનુર્માસ નિમિત્તે ધુન કરવામાં આવી હતી.

તેમાં રાપરમાં ૨૫૦, સેલારી ૨૨૫, ઉમૈયા ૨૭૫, કલ્યાણપર ૭૦, નવાપરા ૧૫૦, પલાંસવા ૮૦, રાપર ગુરુકુલ ૨૦૦ હરિભક્તોએ ધુનનો લાભ લીધો હતો.

રાપર ગુરુકુલના વિદ્યાર્થી સંતો રામાનુજદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી વગેરે સંતોએ અલગ-અલગ ગામડે-ગામડે જઈને હરિભક્તોને ધુનનો લાભ આપ્યો હતો.

માસને અંતે શ્રી સ્વામિનારાયણ મંદિર-રાપરમાં શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સેલારીમાં ઠાકોરજીનું જનમંગલ નામાવલિ દ્વારા સાં.યો. બહેનોએ પૂજન કરાવ્યું હતું અને ગુરુકુલમાં પણ બાળકો દ્વારા જનમંગલ નામાવલિથી ઠાકોરજીનું પૂજન સ્વામી રામાનુજદાસજીએ કરાવ્યું હતું.

- અહેવાલ : સાધુ વિવેકમુનિદાસજી

## દયાપર : ત્રિદિનાત્મક પારાયણ

દયાપર મુકામે તા. ૧૨-૧-૨૦૧૧ થી તા. ૧૪-૧-૨૦૧૧ દરમ્યાન શ્રીમદ્ વાસુદેવ મહાત્મ્ય ત્રિદિનાત્મક પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ યોજાયો હતો. મહોત્સવના મુખ્ય યજમાનદે અ.નિ. લાલજી હરજી ઘોઘારી તથા અ.નિ. દેવજી હરજી ઘોઘારી પરિવાર રહેલ હતો.

મહોત્સવ અંતર્ગત તા. ૧૧-૧-૨૦૧૧ ના રોજ સાંજે પોથીયાત્રા ધામધૂમથી બેન્ડવાજા તથા ફટાકડા, મંડળીની રમઝટ સાથે સ્વામિનારાયણ મંદિર, દયાપરથી સહજાનંદ ચોક સ્વામિનારાયણ નગર આવેલ હતી. ભુજ મંદિરના વરિષ્ઠ સંતો સ.ગુ.પુ. મુકુંદજીવનદાસજી સ્વામી, સ.ગુ. બાલકૃષ્ણદાસજી સ્વામી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી સ્વામી, પુ. પ્રભુવલ્લભદાસજી સ્વામી, શા. શ્રીપ્રકાશદાસજી સ્વામી, શા. અક્ષરપ્રિયદાસજી સ્વામી આદિ સંતોએ પોથીયાત્રા શોભાવેલ હતી. પારાયણના વક્તાપદે શા. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી રહેલ હતા અને શ્રીમદ્ વાસુદેવ મહાત્મ્ય શાસ્ત્રનું ત્રણ દિવસ રસપાન કરાવેલ હતું. મહોત્સવ અંતર્ગત રાત્રિસભામાં સંતવાણીનો સાંસ્કૃતિક કાર્યક્રમ તથા રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સંતો સાથે સૌ

હરિભક્તોએ આનંદપૂર્વક ઉત્સવ માણ્યો હતો. કથા પ્રસંગે ગુજરાત તેમજ ભારતના દૂર-દૂરના સ્થળોથી પધારેલ હરિભક્તોએ કથાશ્રવણનો લાભ લીધેલ હતો તથા અબડાસા વિભાગના તમામ ગામોમાંથી સાંખ્યયોગી બહેનો કથામાં ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના મંત્રી શ્રી વાલજીભાઈ, સ્વામિનારાયણ મંદિર-ભુજના ટ્રસ્ટીશ્રી પુરુષોત્તમ હરજી વાસાણી, પ્રમુખશ્રી સત્સંગ સમાજ-દયાપર શ્રી હસમુખભાઈ દેવજી પટેલ, નારણ વાલજી સાંખલા-નડિયાદ, રસિકભાઈ જીવરાજ નાકરાણી-હુબલી, અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી પ્રસંગ શોભાવેલ હતો.

આ મહોત્સવ પ્રસંગે ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંતસ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી સ્વામી શાન્તિસ્વરૂપદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. કથા દરમ્યાન સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી તથા સ્વામી અક્ષરમુક્તદાસજી સંગીતની સુરાવલીઓ વહેવડાવી શ્રોતાઓને સંગીતરસમાં તરબોળ કર્યા હતા. સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ કરેલ હતું. આ પ્રસંગે ભુજ મંદિરના મહંતસ્વામીએ કથા દરમ્યાન આશીર્વચનો પાઠવેલ હતા.

કથાના બધા જ દિવસો દરમ્યાન ગામ તથા બહાર ગામથી પધારેલ સૌ હરિભક્તોએ સમૂહ પ્રસાદ લીધેલ હતો. અહે. : રમેશભાઈ ઘોઘારી (દયાપર)

## દોલતપર : શાકોત્સવ

અબડાસા વિભાગમાં સત્સંગ માટે વિચરણ કરતા સ.ગુ.પુ. સ્વામી હરિજીવનદાસજીના મંડળના સંતો તા. ૩-૧-૧૧ થી તા. ૧૦-૧-૧૧ સુધી દોલતપર ગામે સત્સંગ માટે આવ્યા હતા. તેમાં વડીલ સંત મુકુંદજીવનદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી માધવચરણદાસજી, સ્વામી સુવ્રતમુનિ દાસજીએ સત્સંગનો સરસ લાભ આપ્યો હતો.

તા. ૦૪-૧-૧૧ ના રોજ સૂર્યગ્રહણ હોવાથી સંતોની આજ્ઞાથી ''શ્રી સ્વામિનારાયણ મહામંત્ર''ની ધુન્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૭-૧-૧૧ ના રોજ સુંદર શાકોત્સવનું આયોજન સંતોના સાન્નિધ્યમાં રાખવામાં આવેલ હતું. તેમાં સ્વામી અક્ષરપ્રિયદાસજીએ શાકોત્સવ વિશે પોતાની આગવી શૈલીમાં સરસ કથામૃતનું પાન કરાવ્યું હતું. અંતમાં સ્વામી મુકુંદજીવનદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૯-૧-૧૧ ના રોજ સામુહિક મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજા સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કરાવી હતી. તેમણે મહાપૂજાના મહાત્મ્ય વિષે જણાવ્યું હતું. બહેનોના મંદિરમાં બહેનોએ મહાપૂજાનો લાભ લીધો હતો.

- અહેવાલ : કાંતિલાલ રામજી પોકાર

## આધોઈ : શાકોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગામના સમસ્ત હરિભક્તોએ મળીને સંપ્રદાયમાં ખૂબ જ ખ્યાત બનેલા શાકોત્સવનો ઉત્સવ તા. ૧૫-૧-૧૧ ના રોજ ઉજવ્યો હતો.

આધોઈનું જૂનું મંદિર ખૂબ જ પ્રસાદીનું છે. શ્રીજી મહારાજ ત્યાં અવાર-નવાર રહ્યા છે. આ ગામમાં શ્રીજી મહારાજે વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીને આધોઈમાં જ દીક્ષા આપી ત્યાગાશ્રમમાં પ્રવેશ કરાવ્યો હતો. સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી 'યમદંડ' ગ્રંથ અહીં રહીને લખ્યો હતો. જૂનું પ્રસાદીનું મંદિર ભૂકંપમાં ધ્વસ્ત થવાથી નવું મંદિર બનાવવામાં આવ્યું. જ્યાં શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો.

શાકોત્સવ ઉત્સવમાં સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી,

સ્વામી નીલકંઠદાસજી, સ્વામી આનંદવલ્લભદાસજી, સ્વામી વિશ્વજીવનદાસજી તથા વિદ્યાર્થી સ્વામી દેવનંદનદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

ગામ રાપર (વાગડ) નાં સાંખ્યયોગી બહેનોના પ્રયત્નથી આધોઈના જનસમાજમાં સત્સંગની વૃધ્ધિ થતી જાય છે.

## રાપર : ધનુર્માસમાં ધુનોત્સવ

રાપર ઓધડવાડી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરે ધનુર્માસ નિમિત્તે ધુનનું આયોજન કરવામાં આવેલ. દરરોજ વહેલાસર ઊઠીને શ્રીહરિના મંગલમય ષડાક્ષરી મંત્રનો લાભ લેવા હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા. સાથે-સાથે નાના ભૂલકાંઓએ પણ આ વહેલી સવારની ધુનનો લાભ લીધો હતો. નિત્ય ધુન તથા મહાપ્રસાદના અલગ-અલગ યજમાનો થતા અને અવનવી પ્રસાદી વિતરણ કરવામાં આવતી. હરિભાઈ સોરઠીયા, દાવડા કેતન, ઘનશ્યામભાઈ મુંઝાત, આંબા તેજા, અલ્પેશભાઈ દરરોજ સંગીતમય વાજીંત્રો સાથે ધુનની રમઝટ બોલાવતા. રાપર સ્વામિનારાયણ ગુરુકુળના સંતો શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા સ્વામી નૌતમમુનિદાસજી વગેરે સંતોએ ધનુર્માસ ધુનનો મહિમા સમજાવી સંસારમાં રહીને પણ ભક્તિ કરી જાણવી તેવું ઉદ્‌બોધન હરિભક્તોને કર્યું હતું.

તા. ૧૪-૧-૧૧ના ધુનની પૂર્ણાહુતિના દિવસે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે રામજીભાઈ આણદા આરેઠીયા તથા નાનજીભાઈ આણદા આરેઠીયા રહ્યા હતા. - અહેવાલ : ચાવડા તેજશ એમ.



# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિ. મંદિર-કેન્ટન હેરો : ૧૪ મો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન (હેરો) લંડનના ૧૪ મા વાર્ષિક પાટોત્સવની ઉજવણીની શુભ શરૂઆત તા. ૨૬-૧૨-૨૦૧૦ ના રોજ સાંજે પોથીયાત્રા દ્વારા ધામધૂમથી મંદિરના નિલકંઠ હોલમાંથી પોથીને વાજતે-ગાજતે મંદિરમાં લાવેલ અને કથામંડપમાં પધરાવેલ બીજા દિવસે પુજારી શ્રી દિનેશ મહારાજે કથાના શુભારંભમાં પાટોત્સવના યજમાન ગામ શ્રી દહીંસરાના મનજીભાઈ કાનજી કારા સહપરિવારને પૂજન કરાવેલ. ત્યારબાદ ભુજ મંદિરના પ્રખર વક્તા પૂ. શા. સ્વામી પરમહંસદાસજી તથા પૂ. પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજી દ્વારા નિષ્કુળાનંદ સ્વામી રચિત 'ધીરજ આખ્યાન' ગ્રંથ ઉપર પોતાની મધુર શૈલીમાં કથામૃતનું પાન કરાવેલ.

તા. ૨૭-૧૨-૨૦૧૦ ના સાંજે બાલમંડળની બાલિકા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને તા. ૨૮-૧૨-૨૦૧૦ ના રોજ યુવક મંડળના યુવકો તરફથી ભક્તિસંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

તા. ૨૯-૧૨-૨૦૧૦ ના રોજ ગર્વમેન્ટના નેતાઓ કાઉન્સીલરો તેમજ મેમ્બર ઓફ પાર્લામેન્ટના સભ્યો પધારેલ. રાત્રે યુવક મંડળના યુવકો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

તા. ૩૦-૧૨-૨૦૧૦ ના શુભ દિવસે પ.પૂ.

આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પૂ. સંતો સાથે પધાર્યા હતા જેમાં મહારાજશ્રીને વાજતે-ગાજતે શોભાયાત્રા દ્વારા અને બહેનોએ સમૈયા દ્વારા અભિવાદન કરી મહારાજશ્રી મંદિરમાં પધાર્યા હતા. પૂ. મહંતસ્વામી હરિકૃષ્ણદાસજી તથા પૂ. સ્વામી નિર્ગુણદાસજીએ સભામાં હરિભક્તોને અમૃતવાણીનો લાભ આપેલ. સાંજે પૂ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીસ્વામિનારાયણ મ્યુઝીયમની વિગતવાર સમજણ આપી હતી અને ઉત્સવમાં પધારવાનું આમંત્રણ જાહેરસભામાં આપ્યું હતું. ત્યારબાદ રાસઉત્સવમાં હરિભક્તો અને સંતોએ ભવ્યાતિભવ્ય રીતે લાભ લીધો હતો.

તા. ૩૧-૧૨-૨૦૧૦ ના દિવસે સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચન આપ્યાં હતાં અને હરિભક્તોને ગુરુમંત્ર આપેલ. સાંજે મંદિરની વેબસાઈટ લોંચ કરવામાં આવેલ. જેમાં જે ભક્તોએ સેવા આપેલ તેમને પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે બિરદાવવામાં આવેલ. અને ત્યારબાદ શ્રી ઘનશ્યામ મહારાજના તથા ભાઈઓ તથા બહેનોના મંદિરના સિંહાસનના ધ્વજ માટેની ઉછવણી કરવામાં આવેલ.

શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનના ચડાવાના યજમાન શ્રી રાશી યુ.કે. લીમીટેડ રહ્યા હતા. ભાઈઓના સિંહાસનના યજમાન શ્રી હીરજીભાઈ વાલજી હીરાણી (કિંગ્સબરી ફ્રુટ એન્ડ વેજ) રહ્યા હતા જ્યારે બહેનોના સિંહાસનના યજમાન ગામ શ્રી કેરાના અ.નિ. પરબતભાઈ કુરજી હાલારીયા, હ. અમરબાઈ રહ્યા હતા. આ બધા ભક્તોએ ૩૦૦૦ (ત્રણ હજાર) પાઉન્ડનો ઊંચો આંક આપ્યો હતો. ત્રણે હરિભક્તોએ પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

તા. ૧-૧-૨૦૧૧ ના શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. જેમાં ભુજ મંદિરના સંતો અને યજમાન પરિવારશ્રીએ લાભ લીધો હતો. હરિભક્તોએ પણ દર્શન દ્વારા લાભ લીધો હતો. ત્યારબાદ અન્નકૂટના દર્શનનો પણ લાભ લીધેલ અને ત્રણે સિંહાસન પર ધ્વજના યજમાનશ્રીઓ તરફથી ધ્વજારોપણ કરવામાં આવેલ.

કથા પ્રસંગ દરમ્યાન કાલુપુર (અમદાવાદ) શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા પૂ. સ્વામી નિર્ગુણદાસજીએ સભાને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ ભુજ મંદિરના પૂ. સ્વામી ભગવદ્જીવનદાસજીએ આપણા ઈતિહાસનું પુનરાગમન કરાવીને બધાને ટકોર કરી હતી. ત્યારબાદ મંદિરના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી સુરેશભાઈ રાબડીયાએ મંદિરમાં ૧૪ મા વાર્ષિક પાટોત્સવમાં પધારેલ પૂ. મહારાજશ્રી, સંતો, હરિભક્તો અને આ પ્રસંગે સેવા કરતા તમામ નાના-મોટા સેવાભાવી યુવાનોને યાદ કરી આભાર વ્યક્ત કર્યો હતો. સભામાં વિરાજેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પોતાની મંગલમય શૈલીમાં આશીર્વાદ આપ્યાને ભગવાનની વાતો કરી હતી. કથાની પૂર્ણાહુતિ બાદ અન્નકૂટના થાળ બોલી પૂ. આચાર્ય મહારાજશ્રી, સંતો, યજમાનશ્રીઓ, સેવાભાવી યુવાનો, તમામ હરિભક્તોએ સમૂહમાં આરતીનો લાભ લીધો હતો. હજારોની સંખ્યામાં પધારેલ ભક્તજનોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ અને પૂ. મહારાજશ્રીને, સંતોને મંદિર વતી આભાર વ્યક્ત કરી વિદાય આપવામાં આવેલ.

આ ઉત્સવ ઉપર મંદિરમાં યુવાન હરિભક્તોએ અતિ સુંદર શણગાર કરી મંદિરને શોભાવ્યું હતું.

પાટોત્સવ પ્રસંગે જુદા-જુદા હરિભક્તોએ નીચે મુજબ સેવા આપી હતી.

(૧) અન્નકૂટ થાળની કથાના યજમાનશ્રીઓએ સેવા આપેલ. (૨) અન્નકૂટમાં વપરાયેલ તમામ ફળ અને શાકપાનની સેવા (કિંગ્સબરી ફ્રુટ એન્ડ વેજ) ના

માલિક શ્રી હીરજીભાઈ વાલજી હીરાણી તરફથી, (૩) જમણવારમાં વપરાયેલ તમામ દૂધની સેવા માવજીભાઈ ધનજી વેકરીયા (કેનફોર્ડ બિલ્ડર્સ) તરફથી (૪) ઉત્સવ દરમ્યાન વપરાયેલ બટેટાની સેવા શ્રી લાલજી વેલજી વેકરીયા તેમજ (૫) ઉત્સવમાં વપરાયેલ પુષ્પો (ફુલો) ની સેવા શિવજીભાઈ માવજી ભુડિયા તરફથી આપવામાં આવેલ. (૬) તા. ૨૮-૧૨-૨૦૧૦ ના શ્રી ઘનશ્યામ મહારાજના અતિ સુશોભિત વાઘાની કથાના યજમાનશ્રી તરફથી ભેટ અર્પણ કરી શ્રી ઘનશ્યામ મહારાજને પ્રસન્ન કર્યા હતા. (૭) રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાસ્તા-પાણીની સેવા રાશી યુ.કે. લીમીટેડ તરફથી આપવામાં આવેલ.

- અહેવાલ : કાનજી મનજી કેરાઈ (મંત્રી)

## સા.ઈસ્ટ લંડન : વાર્ષિક જનરલ સભા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-સાઉથ-ઈસ્ટ લંડન મધ્યે તા. ૮-૧-૨૦૧૧, શનિવારના વાર્ષિક જનરલ સભા બોલાવવામાં આવેલ. જેમાં સારા પ્રમાણમાં ભક્તજન ભાઈ-બહેનો તેમજ યુવક સત્સંગી હરિભક્તોની હાજરી હતી. સભા શરુ થતાં પ્રથમ પ્રમુખ શ્રી લાલજીભાઈ હાલાઈએ સભાજનોનું હાર્દિક સ્વાગત કરેલ. ત્યારબાદ મંત્રીશ્રીએ પ્રથમ સભાના કાર્યક્રમની રૂપરેખા વાંચી સંભળાવેલ. ત્યારબાદ ગતવર્ષની જનરલ સભાની મીનીટ્સ નોંધ મંત્રી શ્રી માવજીભાઈ છભાડીયાએ વાંચી સંભળાવેલ. જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. ત્યારબાદ મંત્રીશ્રીએ મંદિરનો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવેલ. તે સર્વાનુમતે માન્ય રાખેલ. ત્યારબાદ ટ્રસ્ટી શ્રી લાલજીભાઈ કુંવરજી હીરાણીએ ગત વર્ષનો આવક-જાવકનો હિસાબ વાંચી સંભળાવ્યો. તેમાં ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબ ટ્રસ્ટી શ્રી લાલજીભાઈએ આપેલ અને આવક-જાવકનો હિસાબ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ. ત્યારબાદ મંત્રી શ્રી માવજીભાઈ છભાડીયાએ નવનિર્માણ મંદિરના ફંડનો અહેવાલ આપેલ. ત્યારબાદ મંદિરના પ્રમુખ શ્રી લાલજીભાઈ હાલાઈએ નવનિર્માણ મંદિરની પ્રગતિનો અહેવાલ આપેલ.

ત્યારબાદ આગામી વર્ષ માટે નવા કાર્યકર્તાઓની નિમણૂંક સર્વાનુમતે કરવામાં તે આ પ્રમાણે છે.

પ્રમુખ : શ્રી લાલજી સામજી હાલાઈ-માંડવી,
ઉપપ્રમુખ : શ્રી વેલજી રામજી હીરાણી-આ.સુખપર
મંત્રી : શ્રી માવજી કરસન છભાડીયા - માંડવી
સહમંત્રી : શ્રી શામજી કુંવરજી રાબડીયા-સરલી,
ખજાનચી : શ્રી વિનોદ વેલજી ભુડિયા-નારાણપર
ઉપખજાનચી : શ્રી પ્રકાશ પ્રેમજી રૂડા - વેકરા
સહખજાનચી : શ્રી પરબત શીવજી કેરાઈ-માંડવી
સભ્યો : શ્રી પ્રેમજી લાલજી કારા-માંડવી, શ્રી હીરજી કાનજી ભુડિયા-વેકરા, શ્રી માવજી દેવજી કેરાઈ-રામપર, શ્રી કુંવરજી કરસન રાબડીયા-સરલી, શ્રી રામજી ગોવિંદ વેકરીયા-રામપર, શ્રી હરજી દેવજી રાબડીયા-સરલી, શ્રી પ્રિતેશ હરીશ ભુડિયા-માધાપર, શ્રી ભાવિન પાઠક - અમદાવાદ.

## શીસલ્સ : શ્રી ન. યુ. મંડળની શરૂઆત

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપા અને સંતોના રૂડા આશીર્વાદથી લક્ષ્મણભાઈ એન્ડ કાું. પ્લાન્ટેશન ક્લબ કેમ્પના મંદિરમાં તા. ૨૧-૧૧-૨૦૧૦ ના શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શરૂઆત થઈ. તેથી તમામ હરિભક્તોને ખૂબ જ આનંદ થયો. સભામાં દર વખતે તમામ હરિભક્તો ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. તા. ૧૯-૧૨ ના યુવક મંડળની સભામાં સત્સંગ પ્રશ્નોત્તરીનું આયોજન થયું. તેમાં સૌએ ઉમંગભેર ભાગ લીધો ને ભગવાન શ્રી સ્વામિનારાયણનો રાજીપો મેળવ્યો.

- અહેવાલ : ધવલ વ્યાસ (મીરજાપર)

## શ્રીસ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૫૦/- સાં.યો. લીલાબેન તથા સાં.યો. પ્રેમીલાબેન-ઘડાણી છપૈયાધામમાં કથા પારાયણ કરાવી તે નિમિત્તે ભેટ.
૧૫૧/- પરેશભાઈ પટેલ - મુંબઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૧૧/- ભીમજીભાઈ ધનજી કારા-પિયાવા સુપુત્ર નારાણભાઈના લગ્ન પ્રસંગે ભેટ.
૧૦૧/- અ.સૌ. પ્રીતિબેન રમેશકુમાર ઠક્કર - ખોંભડી હાલે મુંબઈ ધુન નિમિત્તે ભેટ.
૧૦૧/- અ.સૌ પ્રીતિબેન રમેશકુમાર ઠક્કર - ખોંભડી હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૧/- અ.નિ. કરસન નાનજી હીરાણી, અ.નિ. ધ.પ. ધનબાઈ, અ.નિ. ધનજી દેવજી કારા, અ.નિ.ધ.પ. ધનબાઈ, અ.નિ. ધનજી કરસન હાલાઈ, અ.નિ.ધ.પ. પ્રેમબાઈ, હ. કુંવરજી કરસન હીરાણી, ધ.પ. શાન્તાબેન આદિ પરિવાર ભુજ મંદિરમાં નિષ્કુળાનંદ કાવ્ય પુરુષોત્તમ પ્રકાશ પારાયણ નિમિત્તે ભેટ
૧૦૦૧/- ફિલ્ડ ફ્રેશ વેજીટેબલ હ. કરસન દેવજી ગોરસીયા- નારાણપર હાલે નૈરોબી કેરન નવી દુકાન શુભારંભ પ્રસંગે ભેટ.
૫૧/- અશ્વિનભાઈ જમનાદાસ સચદે - મુલુંડ (મુંબઈ) ચિ. દક્ષના જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૦૧/- લાલજી દેવશી વરસાણી - કોડકી સુપુત્ર દેવેન્દ્રના જન્મ નિમિત્તે ભેટ.
૫૦૧/- પ્રેમજીભાઈ ભીમજી રાઘવાણી પરિવાર-બળદિયા શ્રી સ્વામિ.ગંગાજી તટ ઉપર પારાયણ નિમિત્તે ભેટ.
૫૦૦/- શિવજી મુરજી કેરાઈ (ડુંગરાણી)-રામપર વેકરા શ્રી નરનારાયણદેવની કૃપાથી શરીર સ્વાસ્થ્ય બરોબર થવાથી ભેટ.
૫૦૦/- નારાણભાઈ કે. પટેલ-લાખણી શ્રી નરનારાયણદેવની કૃપાથી નવી ગાડી ખરીદી નિમિત્તે ભેટ.
૨૦૦/- જીતેન્દ્ર અરજણ ભુડિયા, ધ.પ. અમૃતબેન, સુપુત્ર કૌશલ તથા મયુર-માધાપર હાલે લંડન શ્રી નરનારાયણદેવની કૃપાથી બ્રિટીશ સીટીઝનશીપ મળ્યું નિમિત્તે ભેટ. હ. અરજણ લખમણ ભુડિયા
૧૨૫/- પ્રવીણ રામજી મનજી રાઘવાણી-બળદિયા હાલે બોલ્ટન જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૧૧/- એક હરિભક્ત બહેન તરફથી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૦/- મેઘજીભાઈ મનજીભાઈ આસાણી હ. એચ.એમ. આસાણી-માંડવી હાલે નૈરોબી સુપુત્રી ચિ. અમૃતના લગ્ન પ્રસંગે ભેટ.
૧૧૦૦/- અ.નિ. લાલજી હરજી ગોગારી પરિવાર - દયાપર ત્રિદિનાત્મક કથા પારાયણ પ્રસંગે ભેટ.
૫૦૧/- મહેન્દ્ર જાદવજી ભુડિયા - માધાપર સુપુત્ર ચિ. સંજયના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- મનસુખ શિવજી વેકરીયા-પિયાવા-માંડવી લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ કૃપાર્થે ભેટ.
૧૦૧/- અશ્વિન કરસન વેકરીયા-પિયાવા-માંડવી ટોરોરો સીટીઝનશીપ મળ્યું તે નિમિત્તે ભેટ.
૧૦૧/- જયભારત ઝવેરીલાલ જોષી - ભુજ શ્રી નરનારાયણદેવ કૃપાર્થે ભેટ.
૧૦૦૦/- શિવજી ભચુ ગામી -કેરા હાલે ઈસ્ટલંડન, ભુજ મંદિરમાં સિલાઈ મશીન ભેટ આપ્યું તે નિમિત્તે ભેટ.

## અક્ષરવાસ

ગામ ભચાઉ (નવાગામ) ના કંકુબેન વેલજી કાનજી નિસર ઉ.વ. ૭૩ શ્રીજીનું સ્મરણ કરતાં તા. ૩૦-૧૨-૨૦૧૦ ના અક્ષરનિવાસી થયાં છે. તેના આત્માને શ્રીજી મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે એ જ પ્રાર્થના.


























(૧) મહાઆરતીનો લાભ લેતા સંતો - ભુજ. (૨) સંતોના ધોતીયાં શિવવા માટે શિવણ મશીનનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. પ્રેમપ્રકાશદાસજી તથા યજમાન શ્રી શીવજીભાઈ, કેરા હાલે ઈસ્ટ લંડન. (૩) ભવ્ય મહાપૂજાનો લાભ લેતા ભક્તો તથા પૂજન કરાવતા સંતો - ઈન્દોર. (૪-૫) શ્રી ઈસ્ટ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શોભાયાત્રામાં લેઝીમના દાવમાં યુવાનો તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે સંતો તથા યજમાનો - નાઈરોબી. (૬) વિશાળ સભમાં કથાશ્રવણ કરતા ભક્ત સમુદાય - નાઈરોબી. (૭) રસોડામાં પધારી તૈયાર થયેલ પ્રસાદને ભગવાનની પ્રસાદી મિશ્રિત કરતા પ.પૂ. મહંત સ્વામી - દયાપર. (૮) એકાગ્ર ચિત્તે શ્રી ભાગવતકથા સાંભળતા વિશાળ સંખ્યામાં ભક્તો - દયાપર. (૯) પ.પૂ. મહંત સ્વામી દ્વારા ભુજ મંદિર દ્વારા અર્પણ કરાતી ભેટ આશીર્વાદ રૂપે સ્વીકારતા યજમાન પરિવાર -દયાપર. (૧૦) કથાની આરતીનો લાભ લેતા યજમાન પરિવારના બહેનો - દયાપર. (૧૧) બળદિયા શ્રી સ્વામિનારાયણ ગંગાજીના તટ ઉપર કચ્છ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળની સત્સંગ શિબિર વખતે ઉપસ્થિત રહલાં બહેનો. (૧૨) બળદિયા શ્રી સ્વામિનારાયણ ગંગાજીના તટ ઉપર સત્સંગ શિબિર વખતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરનાર શ્રી ઘનશ્યામ બાલિકા મંડળની બાલિકાઓ તથા સાંખ્યયોગી બહેનો.

RNI NO. GUJGUJ/2001/5643
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09



Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011/2007-09



















(૧-૨) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મંદિરના ૧૪માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથાનું શ્રવણ કરાવતા પુ. પરમહંસદાસજી સ્વામી તથા વિશાળ ભક્ત સમુદાય તેમજ અભિષેકબાદ આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી તથા અન્નકૂટ દર્શન - કેન્ટન હેરો. (૩-૪) અ.નિ. પતિતપાવદાસજી સ્વામીની પુણ્ય સ્મૃતિમાં કથા પારાયણની આરતીનો લાભ લેતા યજમાનશ્રીઓ તથા ભવ્ય નિકળેલી શોભાયાત્રા - ભુજ. (૫-૬) સમગ્ર કચ્છના સાં.યો. બહેનોના મહંત પદે નવા નિમાયેલ ગામ મિરજાપરના સાં.યો. સામબાઈને મહંતાઈનો હાર પહેરાવ્યા વાદ સમગ્ર કચ્છના સાં.યો. બહેનો - ભુજ (૭) પવિત્ર ધનુર્માસની ધૂનનો લાભ લેતા ભક્તો - ભુજ. (૮-૯) ગામ કેરાના પ.ભ. ................ નિમિતે કરાવેલ પારાયણની આરતીનો લાભ લેતા યજમાન પરિવાર અને યજમાન બહેનોને નવાજતા સાં.યો. બહેનો - ભુજ